Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाश' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥१॥

पु. १६. { वीर सं. २४४५—अषाड. आत्म सं. २४ } अंक १२ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.

૧ શ્રી વીર સ્તુતિ. ... ... ... ૨૯૭
૨ નિરોગી જીવન ગુજારતાં આપણા ભાઇ વ્હેનો ક્યારે શીખશે? ... ... ૨૯૯
૩ અવંચકતાથી અવંચક ફળ—ખાતરીબંધ ફળ પ્રાપ્તિ. ... ... ... ૨૯૯
૪ સમજશક્તિની બક્ષિસ. ... ... ૩૦૧
૫ પુસ્તક. ... ... ... ... ૩૦૬
૬ કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો ... ૩૦૬
૭ જૈન કોમમાં આરોગ્યની આવશ્યકતા. ૩૦૮
૮ બોધક સુત્રો. ... ... ૩૦૯
૯ શ્રીમદ આનંદઘનજીના પદનો અનુ. ૩૧૩
૧૦ વીતરાગશાસનની રક્ષા અને પ્રભાવના શી રીતે થઇ શકે? ... ... ... ૩૧૩
૧૧ લઘુતા ત્યાં પ્રભુતા. ... ... ૩૧૪
૧૨ કથની કથવા માત્રથી શું વળવાનું? ૩૧૫
૧૩ સમયના પ્રવાહમાં. ... ... ... ૩૧૬
૧૪ મરૂ મહોદય. ... ... ... ૩૧૯
૧૫ વર્તમાન સમાચાર ... ... ૩૨૦

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

REGISTERED No. B. 431

To

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને સુચના.

# " શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ. "

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને માટે આ વર્ષની ભેટની બુકનો નિર્ણય થઇ ગયો છે. માસિકનું આ સોળમું વર્ષ ચાલે છે જેનો આ છેલ્લો અંક છે. આ વર્ષે ઉપરોકત નામનું પુસ્તક અમારા માનવંતા ગ્રાહકોને ભેટ આપવા માટે મુકરર થયું છે. દરવર્ષ કરતાં આ વર્ષની ભેટની બુક જેમ એક અપૂર્વ અધ્યાત્મજ્ઞાનની છે તેમ દરવર્ષ કરતાં વધારે મોટી થશે, જેની સવિસ્તર હકીકત હવે પછીના અંકમાં આપવામાં આવશે.

---

### શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત

## શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર )

સતરમા સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતાં તેવા જીવોનો ઉપકાર કરવા નિમિતે જ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્વના સ્વીકારને જ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી તેની પરિક્ષા કરીને તે ગ્રહણ કરવું જોઇએ તેજ આ ગ્રંથમાં બતાવવામાં આવેલું છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ; એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવઅધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ કયારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે. ત્યારબાદ જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે તેવા નામ–અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવઅધ્યાત્મ જ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન ગ્રંથકર્તા શ્રીમાને અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ. ૦–૮–૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

---

## શ્રી આત્મ–કાન્તિ પ્રકાશ.

જેમાં ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ કૃત બાર ભાવના અનેક તીર્થોના વિવિધ, સ્તવનો, સ્તુતિઓ, અને સજ્ઝાયોનો સંગ્રહ તથા વિવિધ બીજા સ્તવન મધુર રાગરાગણીથી બનાવેલ પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજ, તથા શ્રીમાન્ મુનિરાજ વલ્લભવિજયજી કૃતનો સંગ્રહ આ ગ્રંથમાં છે. સાથે નવીન સુંદર શ્રી પંચતીર્થની પૂજા શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજ કૃત પણ દાખલ કરવામાં આવેલ છે, તમામ પદો, સ્તવનોની રચના આલ્હાદ ઉત્પન્ન કરે તેમજ પ્રભુ ભક્તિમાં પ્રેમ ઉપજાવે તેવી છે. નિર્ણયસાગર પ્રેસમાં, શાસ્ત્રી ટાઇપમાં ઉંચા કાગળ ઉપર છપાવી અને કપડાની સુશોભીત બાઇડીંગથી ગ્રંથને અલંકૃત કરવામાં આવેલ છે. ગ્રંથના પ્રમાણમાં કિંમત ઘણી ઓછી. રૂ. ૦–૪–૦ માત્ર રાખી છે. પોસ્ટેજ જુદું. અમારે ત્યાંથી મળી શકશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १६ ] वीर संवत् २४४५, अषाड. आत्म संवत् २३. [ अंक १२ मो.

## श्री वीर स्तुति.

( ઉપેંદ્ર વજ્રા. )

અનાદિથી બદ્ધ થયેલ કર્મો,
તણું મલિનત્વ કર્યું જ દૂરે;
ગ્રહ્યા છે જેણે શુદ્ધ આત્મગુણ,
ચહું સદા તે પ્રભુ વીર શર્ણ.

વિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રોગી નિરોગી થવાનાં કારણ સમજી, નિરોગી જીવન ગુજારતાં આપણા ભાઇ બ્હેનો કયારે શીખશે ?

પ્રકૃતિ વિરૂદ્ધ આહાર વિહારાદિકનું સેવન કરવાથી કે પ્રકૃતિ વિરૂદ્ધ વર્તન કરવાથી શરીરનું આરોગ્ય લથડે છે-બગડે છે અને પ્રકૃતિને અનુકૂળ ખાનપાન વિહારાદિક સેવન કરવાથી કે અનુકૂળ વર્તન કરવાથી શરીરનું આરોગ્ય સચવાય છે અને વધે છે. શરીર, ઇન્દ્રિય કે મન સહન કરી શકે એટલી અનુકૂળ કાર્યપ્રવૃત્તિ સેવવાથી શરીરાદિકની સુખાકારી જળવાઈ રહે છે-તેમાં પ્રાયઃ કશી સ્ખલના પડતી નથી. પરંતુ તે દરેકને જરૂર જોગી પ્રવૃત્તિ તજી શૂન્ય આળસુ થઇ રહેવાથી અથવા પ્રમાણાધિક ગજા ઉપરાંત કાર્ય પ્રવૃત્તિ સેવવાથી પ્રથમ પ્રાપ્ત થયેલી સુખાકારી ( આરોગ્ય ) ગુમાવી દેવાય છે અને દુઃખદાયક અનારોગ્ય પેદા કરાય છે, શરીરાદિકને જરૂરનાં સ્વચ્છ હવા પાણીનું સેવન કરવાથી તેમજ પુષ્કળ સૂર્ય પ્રકાશ જેમાં પડી શકે એવાં સ્થળમાં નિવસવાથી શરીર આરોગ્ય સુખે સચવાય છે અને તેની ઉપેક્ષા કરવાથી શરીરનું આરોગ્ય લથડે છે, જે પાછું સંધાવું મુશ્કેલ પડે છે. પ્રકૃતિને અનુકૂળ, પરિમિત, સુખે પચી શકે એવું હલકું અને સાત્વિક ખાનપાન નિયમિત વખતે રૂચિ પૂર્વક લેતાં સ્વચ્છતાનો નિયમ સાચવીને ચાલતાં પ્રાપ્ત થતી શક્તિનો સદુપયોગ કલ્યાણ માર્ગે કરવામાં આવે તો તેથી શરીરનું આરોગ્ય સારી રીતે જળવાઇ રહે છે એટલુંજ નહિં પણ એથી ધાર્યું કામ પાર પાડી શકાય છે. એથી ઉલટા પ્રકૃતિ વિરૂદ્ધ, અપરિમિત ( માપ વગર ), ભારે અને રજો તમો ગુણ વધારે એવાં મલીન ખાન પાન અનિયમિત રીતે રૂચિ વગર લેવાથી અનેકવાર આરોગ્ય બગડે છે, જેથી મન ઢીલું પડી જતાં કશું ધારેલું કામ પાર પડી શકતું નથી. એક બીજાએ ઓટેલાં-એઠાં કરેલાં, સડેલાં કે કોહેલાં ખાનપાન કરવાથી શરીરમાં અનેક પ્રકારના રોગ-વ્યાધિઓ પેદા થાય છે. પ્રથમનું ખાધેલું કે પીધેલું પચે નહિ ત્યાં સુધી બીજું કશું ખાવું પીવું જોઇએ નહિ. પ્રથમનું પચ્યા પહેલાં ખાન પાન કરવાથી તે ખાન પાન વિષ જેવું નુકશાન કરે છે.

ખરી તૃષા લાગે ત્યારે જ જળ પાન અને ભૂખ લાગે ત્યારેજ ભોજન કરવું ગુણકારી થાય છે. તૃષા લાગે ત્યારે ભોજન અને ભૂખ લાગે ત્યારે જળપાન કરવું એ લાભને બદલે નુકશાન કરે છે. તાપમાં તપીને આવેલને તરત ઠંડું ખાવું કે પીવું નુકશાનકારક છે. ઠંડા જળથી સ્નાન કરેલને ગરમ ખાનપાન અને ગરમ જળથી સ્નાન કરેલને ઠંડું ખાનપાન તરત કરવું હાનિકારક છે, પ્રકૃતિને બગાડનાર છે.

દુધ જેવી પ્રવાહી વસ્તુને પણ કઠણ વસ્તુની જેમ ચાવી ચાવીને ગળે ઉતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રવી અને કઠણ વસ્તુને પુષ્કળ ચાવી ચાવીને રસરૂપ કરીને પછીજ ગળે ઉતારવી, જેથી જઠર ઉપર બોજો થાય નહિ.

શરીરનું આરોગ્ય સાચવી રાખવા શુદ્ધ હવા પાણી તથા પ્રકાશની ખાસ જરૂર છે. તેવાજ સ્થાનમાં રહેવાનું કે ફરવાનું પસંદ કરવું કે જયાંના હવા પાણી અશુદ્ધ થયેલાં ન હોય તેમજ સૂર્યાદિકનો પ્રકાશ પુરતા પ્રમાણમાં આવી શકતો હોય, જેથી ચૈતન્યમાં સહજ જાગૃતિ રહે. વિચાર, વાણી અને આચારની પવિત્રતા કહો કે મન વચન કાયાની નિર્મળતા સાચવવા રૂપ બ્રહ્મચર્ય પાળવાવડે સ્વવીર્યનું રક્ષણ કરી તેનો કાળજીથી સદુપયોગ કરવો ખાસ જરૂરનો છે. પોતાના, પોતાની પ્રજાના, કુટુંબના, જ્ઞાતિના, સમાજના, તેમજ દેશના હિત–શ્રેય–કલ્યાણાર્થે દરેક હાનિકારક રીતરીવાજ તજવા અને લાભદાયક રીતરીવાજ આદરવાની ખાસ જરૂર છે. ઇતિશમ્

લે–મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

## અવંચક યોગથી ક્રિયા અવંચકતા અને ક્રિયા અવંચકતાથી અવંચક ફળ–ખાતરીબંધ ફળ પ્રાપ્તિ.

અવંચક યોગ એટલે કપટ વગરનાં–સરલતાવાળા મન વચન કાયા અથવા વિચાર વાણી અને વર્તન. શાસ્ત્ર અવિરૂદ્ધ વિચાર, વચન–ઉચ્ચાર તેમજ તેવુંજ આચરણ. આપમતિવાળું–સ્વચ્છંદતાભર્યું કશુંજ નહિ, પણ શુદ્ધ અંતઃકરણથી પ્રેરિત અથવા શાસ્ત્રસાપેક્ષતાવાળું બધું કરવાનું હોય તે. જેવું મનમાં (વિચારમાં) તેવુંજ વાણીમાં અને તેવુંજ વર્તનમાં હોય એટલે સરલ–અકુટિલ મન વચન અને કાયાનું પ્રવર્તન. આવા પ્રકારના સરલ–અવિરૂદ્ધ મન વચન કાયાના પ્રવર્તનથી જે ક્રિયા–કરણી કરાય તે ક્રિયા–કરણી પણ અવંચક એટલે સાચી–હિતકારી–કલ્યાણ કરનારી સમજવી. એ ક્રિયા–કરણી આત્માનું બગાડનારી નહિ પણ સુધારનારી સદ્ગતિદાયિકા કે પરમાનંદપ્રાપિકા થઇ શકે છે. એવી ક્રિયા તે તદ્હેતુ અને અમૃત ક્રિયા કહેવાય છે. બાકીની બીજી વિષ, ગરલ અને અનુષ્ઠાન ક્રિયા કેવળ આલોકના દષ્ટ સુખને માટે કે પરલોકના દેવાદિકના સુખને માટે કે એક બીજાની દેખાદેખી ગતાનુગતિકપણે તે તે ક્રિયાનાં ફળ પ્રયોજનાદિક સમજ્યા વગર કે સમજવાની દરકાર કર્યા વગર જ કરવામાં આવે છે. આ રીતની ક્રિયા જડતાથી આત્માનું કંઇ વાસ્તવિક હિત થવા પામતું નથી; તેથીજ તેવી તુચ્છ ક્રિયા કેવળ અલ્પ ફળવાળી જાણીને તજવા અને ઉપરોક્ત તદ્હેતુ અને અમૃત ક્રિયા વિશિષ્ટ ફળદાયિકા જાણીને આદરવા પરમપુરૂષોએ ઉપદેશ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે આત્મા તરફ લક્ષ રાખી, આત્માનેજ નિર્મળ ( કર્મરહિત ) કરવા, રાગ દ્વેષ અને મોહાદિક બંધનથી મુકત કરવા એટલે જન્મ જરા મરણાદિક અનંત દુઃખમાંથી છુટકારા કરવા અવંચક યોગથી શાસ્ત્રોકત ક્રિયા કરવામાં આવે તેજ સાચી હિતકારી કરણી હોવાથી તેનું ફળ પણ શાસ્ત્રોકત સાચું હિત–શ્રેય–કલ્યાણ કરનારૂં થવા પામે છે.

પરમાત્મદશા પ્રાપ્ત થયેલા વીતરાગ પ્રભુની એકાન્ત હિતવાણી જેમને અંતરમાં રૂચી હોય તે ગમે તો રાજા પ્રધાન શેઠ શાહુકાર કે રંક સેવક હોય, શ્રીમંત કે નિર્ધન હોય, પંડિત કે અપંડિત હોય, સુખી કે દુઃખી હોય, પુરૂષ કે સ્ત્રી હોય, દેવ દાનવ માનવ કે તિર્યંચ હોય તે સરલ સ્વભાવે મન વચન કાયાની શુદ્ધિથી પોતપોતાની યોગ્યતાનુસારે શાસ્ત્રોકત કરણી કરવા પ્રયત્ન કરે છે અને રાગદ્વેષાદિક બંધન દૂર કરીને અંતે પરમપદ પ્રાપ્ત કરી શકે છે.

આનો ફલિતાર્થ એ છે કે સત્ય સુખના અર્થી દરેક ભવ્યાત્માએ પ્રથમ તો ચિન્તામણિરત્ન સમાન ધર્મની પ્રાપ્તિ માટે અક્ષુદ્રતા–ગંભીરતાદિક ઉત્તમ ૨૧ ગુણોનો અભ્યાસ કરવો જોઇએ. ઉત્તમ પ્રકારની મૈત્રી, મૃદુતા, કરૂણા અને ઉપેક્ષા યા માધ્યસ્થ્ય રૂપ ભાવના ચતુષ્ટયનું સદાય સેવન કરવું જોઇએ. ન્યાય સંપન્ન વિભવ, વડીલ સેવા તથા કામ ક્રોધ મોહ મદ મત્સર અને લોભાદિ દોષનો જય એ આદિ માર્ગાનુસારીપણાને મક્રમ રીતે વળગી રહેવું જોઇએ. મિથ્યાત્વ, વિષય, કષાય, આળસ અને વિકથાદિક પ્રમાદ શત્રુનો સાવધાનપણે પરાભવ કરવો જોઇએ. તત્ત્વાર્થ શ્રદ્ધાન રૂપ સમ્યકત્વનું સેવન કરવું જોઇએ. સર્વજ્ઞોકત શાસ્ત્રનો અભ્યાસ કરવો, નિજ ઇન્દ્રિય સમૂહને સ્વચ્છંદપણે ફરવા નહિ દેતાં તેને કબજે રાખી ઉત્તમ પ્રકારની ક્ષમા, મૃદુતા–નમ્રતા, સરલતા અને સંતોષ સહિત યથાયોગ્ય સંયમ માર્ગનું આરાધન કરવું. સુખ દુઃખ, માન અપમાનાદિક પ્રસંગે હર્ષ ખેદ નહિ કરતાં સમભાવે રહેતાં શિખવું. શ્વાનવૃત્તિ તજી સિંહવૃત્તિ આદરવી. કોઇના ઉપર નકામો રોષ કે તોષ નહિ કરતાં લાભાલાભમાં અન્યને નિમિત્ત માત્ર લેખવા. જન્મ મરણનાં કે કર્મનાં બંધન તોડવા માટે સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનું પ્રમાદરહિતપણે સેવન કરવું. સદ્ગુરૂનો દુર્લભ યોગ પામીને તેમની પવિત્ર આજ્ઞાનું અખંડ પાલન કરવા ઉદ્યુકત રહેવું. થોડા પણ પ્રમાદાચરણથી પોતાની બધી બાજી બગડી જાય તેમ નહિ કરતાં એક અચ્છા વીર પુત્ર તરીકે સ્વકર્તવ્યનિષ્ટ થઇ રહેવું.

ઇતિશમ્.

લે. મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમજશક્તિની બક્ષિસ.

લે૦ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ.

મનુષ્યોએ હમેશાં ઇચ્છવા યોગ્ય અને યત્નથી મેળવવા યોગ્ય સઘળી વસ્તુઓમાં મુખ્ય વસ્તુ સમજશક્તિની બક્ષિસ છે. શુદ્ધ માનુષી પ્રેમ કે જે માત્ર ગણ્યાં ગાંઠયા માણસોને જ બક્ષવામાં આવે છે તેનાથી સ્હેજ ઉતરતી પંક્તિએ ગણાતી આ બક્ષિસ સૌથી સંતોષકારક અને ચિરસ્થાયી છે. જેઓને આ બક્ષિસની પ્રાપ્તિ થયેલ છે તેઓ અનેક ખજાનાની ચાવી ધરાવે છે. તેઓને સુખપ્રાપ્તિના અનેક સાધનો લભ્ય થાય છે, તેઓ ભયકારક અને પીડાજનક પ્રસંગોને સ્હેલાઇથી દૂર કરી શકે છે અને અમૂલ્ય લાભો અનુભવે છે. આપણને આ બધી બાબતો બુદ્ધિગત થતી નથી તેનું એજ કારણ છે કે આપણામાંના ઘણા ખરા તો માત્ર અત્યલ્પ જ્ઞાનથી, અવલોકન કરવાને નહિ ટેવાયલા નેત્રથી, અને વિચારશૂન્ય દરિદ્ર મનથી સંતુષ્ટ રહે છે.

આપણી સમજશક્તિથી આપણું સત્ય માપ થઇ શકે છે, અને તેથીજ આ વર્તમાન તેમજ ભવિષ્ય જીવનના સર્વ કાર્યોમાં તેનો અગ્રભાગ છે. શક્તિ, સાધન સંપન્નતા, વિજય, મિત્રતા, જીવનના આનંદો અને પ્રગતિ–આ સર્વ તે શક્તિપર અવલંબી રહેલ છે. ઉકત શકિત આપણી પ્રત્યેક સ્થિતિપર અંકુશ રાખે છે, આપણી ઉપયોગિતાને નિયમિત બનાવે છે અને આપણું ભાગ્ય ઘડે છે. આ શકિતની પ્રત્યેક કાર્યમાં અને ધંધામાં ઘણીજ અગત્ય છે; કેમકે તેજ દરેક શકિતનું, ચાતુર્યનું, દીર્ઘદર્શીપણાનું, ડહાપણ અને સાહસનું મૂળ છે. વૈદ્યો, સૈનિકો, રાજદ્વારી પુરૂષો વકીલો આદિ સર્વને આ બક્ષિસની અનિવાર્ય આવશ્યકતા છે; કેમકે આ શકિતની પ્રાપ્તિ અથવા અપ્રાપ્તિ અનુસાર કાર્યમાં વિજય અથવા નિષ્ફળતા મેળવી શકાય છે. ગૃહમાં, રાજસભામાં કે ધારાસભામાં તેની પ્રધાનતા છે. વસ્તુતઃ સર્વ વિષયમાં અને સર્વ સ્થળમાં ઉકત શકિત સત્તા અને વિજયની ચાવી રૂપ છે. તેના વગર અપ્રતિમ શકિત ધરાવનાર મનુષ્યને પણ સર્વત્ર નિરાશ અને નિષ્ફળ થવું પડે છે.

જે નોકર તેને સોંપવામાં આવેલું કાર્ય એકદમ સમજી શકે છે અને બરાબર બજાવે છે તે એક જડબુદ્ધિ નોકર કરતાં અનેકગુણ વધારે ઉપયોગી છે એ દેખીતું છે. આવા માણસો ત્વરાથી ઉંચે દરજ્જે ચઢી શકે છે. આ બધું સમજશકિતની બક્ષિસનુંજ પરિણામ છે. એક કુશળ મૅાટરગાડી હાંકનાર તીક્ષ્ણ નજરથી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુશાગ્રબુદ્ધિથી યંત્ર થોડા વખતને માટે શું કારણથી અટકી ગયું છે તે તરતજ જોઇ અને સમજી શકે છે. તેવે પ્રસંગે શું કરવું તે તેના જાણવામાં હોય છે, કેમકે તે કારણો સમજી શકે છે; પરંતુ એક જડબુદ્ધિ હાંકનારને આ પ્રકારની મુશ્કેલી આવી હોય તો તેને કલાકો સુધી રોકાઈ રહેવું પડે છે.

ડાહ્યા અને બુદ્ધિશાળી મનુષ્યોને અજ્ઞાન અને મૂર્ખ લોકોના ગાઢ સહવાસમાં આવવું ઘણું મુશ્કેલી ભરેલું લાગે છે. જેઓ પ્રત્યુત્તર આપવાને અને પોતાની કિંમત સમજવાને અશકત હોય છે તેવા લોકોની સમક્ષ અત્યંત ચતુર વિચારક અને બોલનારને મૌન ધારણ કરવું પડે છે. આમ હોવાથી જે સ્ત્રીપુરૂષોમાં સમજશકિતનો સર્વથા અભાવ હોય છે તેઓનો સદ્બુદ્ધિ અને સુવિકાસથી પ્રકાશિત બનેલા લોકોના સમૂહમાંથી બહિષ્કાર થાય છે. આપણા પોતાના અધિકાર તરફ આપણું સર્વનું આકર્ષણ થાય છે, અને જો આપણે જડ અથવા સ્થિર રહીએ છીએ તો તેવી પ્રકૃતિના મનુષ્યોના સમુદાયમાં જ આપણે રહેવું પડે છે. હજુ આપણે દંભને, ક્ષુદ્રતાને અને સાંસારિકતાને ચાહીએ છીએ એવું આપણુને થોડું પણ જ્ઞાન હોય ત્યાં સુધી આપણે માનસિક અને આધ્યાત્મિક દારિદ્રયમાં પ્રકટપણે ઉભા રહીએ છીએ, અને ત્યાં સુધી દૈવી પ્રાણીઓનો સહવાસ અનુભવવાની આશા રાખવી તે મુર્ખાઈ છે. ખરેખરા વૈભવની ન્યૂનતા જેની સાથે આપણું ઐકય થઇ શકે એવું ન હોય તેના સમૂહમાં મિશ્ર થતાં આપણી મનોવૃત્તિને અટકાવશે, અને જ્યાં સુધી આપણે આપણા કરતાં ઉત્ક્રાંતિક્રમમાં વધારે આગળ વધેલા આત્માઓ સાથે સંયુકત થવાને અધિકૃત ન થઇએ ત્યાં સુધી આપણે આપણા પોતાના સ્થાનપર પડ્યા રહેવું પડશે એ સ્વાભાવિક છે.

આપણી આસપાસની પરિસ્થિતિ અને અગત્યની બાબતો સમજવામાં, સ્વપરને જાણવામાં અને સુખદુઃખનો નિર્ણય કરનારા નિયમો જાણવામાં આપણે નિષ્ફળ નિવડયા છીએ તેનું કારણ એ છે કે આપણામાં સમજશકિતનો અભાવ છે, અને આવી ગેરસમજુતીથી જ ભૂલો, નિરાશા, અને દુઃખ ઉદ્દભવે છે. ઉદાહરણાર્થ જો આપણને શારીરિક આરોગ્યના નિયમોનું સંપૂર્ણ જ્ઞાન નથી હોતું તો આપણે અનેક ભૂલો કરી બેસીએ છીએ જેને પરિણામે આપણને પોતાને અને કદાચ આપણા આધારભૂત અન્ય મનુષ્યોને માંદગી, પીડા અથવા અકાળ મૃત્યુના પંજામાં સપડાવું પડે છે. શુદ્ધ સાત્વિક ખોરાક, પુષ્કળ કસરત, તાજી હવા અને નિયમિત વ્યવસાય આદિ જે જે વસ્તુઓપર સંપૂર્ણ આરોગ્યતાનો આધાર છે તે યથાર્થ રીતે સમજવાથી આપણે પોતાને અને આપણા આધારભૂત અન્ય લોકોને ઘણી અગવડતા, હાનિ અને દુઃખથી મુકત રાખી શકશું એમાં લેશ પણ સંશય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારિત્ર્ય સંબંધી, આપણી આસપાસના લોકો તરફ આપણાં વર્તન સંબંધી, આપણા જાતિભાઇઓની સેવા સંબંધી અને આધ્યાત્મિક ઉત્કર્ષ સંબંધી જે ઉચ્ચતર કાયદાઓ છે તે અનુસાર પ્રત્યેક આત્માને શિક્ષા અથવા બદલો મળે છે. તેના અનિવાર્ય વ્યાપારથી અજ્ઞાત રહેવાથી આપણે સંભાળ વગર જીવન વહન કરવાને લલચાઇએ છીએ, વિચાર, વાણી વા કર્મથી બીજાને નુકશાન કરીએ છીએ, અન્યના હક્ક ઉપર તરાપ મારીએ છીએ અને અન્યની લાગણીઓ દુ:ખાવીએ છીએ. આ પ્રમાણે કરવાથી આપણે પ્રત્યપકારના બીજો વાવીએ છીએ. કદાચ આપણે ખુલ્લી રીતે દયાહીન ન થઇએ તોપણ આ જીવનમાં પરહિત કરવાના જે પ્રસંગો પ્રાપ્ત થાય તેને આપણે સમજશકિતના અભાવને લીધે દુરૂપયોગ કરશું, આપણા દ્રવ્યને, બુદ્ધિને અથવા શકિતનો ઉપયોગ કરશું નહિ અથવા તો દુરૂપયોગ કરશું એવો પુરેપુરો સંભવ છે. જો આપણે આપણી ગુપ્ત શકિતઓ પ્રકટ કરવાનું અને આપણી જાતને આધ્યાત્મિક સત્વ તરીકે જાણવાનું કદિ ઉચિત ગણતા નથી તો પ્રાંતે આપણને નુકશાન સહન કરવું પડે છે; કારણ કે પ્રભુનાં બાલકો તરીકે આપણે આપણા જન્મસિદ્ધ હક્ક સમજી શકતા નથી, આ ઐહિક સ્થિતિ કરતાં કોઇ ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત કરવાની આપણી નૈસર્ગિક શકિત સમજી શકતા નથી તથા સર્વજ્ઞ અને સર્વશકિતમાન પ્રભુની સાથેના સંબંધને લઇને આપણામાં રહેલી અમાપ અને અનંત શકિતઓનું ભાન આપણને આ જીવન દરમ્યાન થઇ શકતું નથી. આથી આપણામાં શ્રદ્ધાનું પ્રમાણ અત્યલ્પ થઈ જાય છે અને આપણી કાર્યસિદ્ધિ પણ શ્રદ્ધાના પ્રમાણમાં જ થાય છે એ નિર્વિવાદ છે.

બીજી બાજુએ જો આપણને આપણી પોતાની ખરેખરી શકિત અને આપણા દોષોનું વાસ્તવિક જ્ઞાન થતું નથી તો આપણે આપણી અગત્યનું મૂલ્ય જોઈએ તે કરતાં અધિક આંકવા તત્પર બનીએ છીએ, અને પરિણામે આપણી જાતને હાસ્યાસ્પદ બનાવીએ છીએ; તેથી જો આપણને સ્વશકિતનું સત્યજ્ઞાન થાય તો આપણે નિર્બળતાનાં આ બન્ને કારણોને અને તેનાં પરિણામોને દૂર રાખી શકશું. પરંતુ બીજા લોકોને સમજવાની શક્તિની સવિશેષ અગત્ય છે; કેમકે તેઓના વાસ્તવિક વિચારો, ઇચ્છાઓ, મહત્વાકાંક્ષાઓ, પ્રયાસો, સંયોગોની મુશ્કેલીઓ, અપ્રકટ નિરાશા અને ખેદકારક ઘટનાઓને સમજવાની અશક્તિને લઇને આપણે તેઓના તરફ ન વર્તવું જોઇએ તેવી રીતે કેટલીક વખત વર્તીએ છીએ. ગેરસમજુતીને લીધે આપણે તેઓને સહાનુભૂતિયુક્ત જરૂરી સાહાય્ય આપી શકતા નથી. આ પ્રમાણે આપણે તેઓની જેવી અને જેટલી સેવા કરવી જોઇએ તેવી અને તેટલી કરી શકતા નથી. ગેરસમજુતી મિત્રતાની પ્રગતિનો રોધ કરે છે; કેમકે મનુષ્યપ્રકૃતિ જ એવી છે કે જેઓ પોતાને બરાબર સમજતા નથી તેઓની સાથે નિકટ સહવાસમાં આવવા કોઇ પણ ઇચ્છા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખતું નથી. એથી ઉલ્ટું જે લોકો પોતાને બરાબર સમજે છે તેઓનો સહૃદય સત્કાર કરવા સૌ કોઇ સર્વદા તત્પર બને છે. સમજશક્તિનો અધિકાધિક વિકાસ થવાથી હૃદયભંગના અને વિયોગના કરૂણાજનક પ્રસંગોનું પ્રમાણ ઘટવા માંડશે. ગેરસમજુતીમાં ઘટાડો થવાથી પ્રત્યેક વ્યક્તિ તદ્દન જુદી જ રીતે વર્તવા લાગશે, આપણાં સ્વકીય, સામાજીક અને પ્રજાકીય કાર્યોમાં ઓછી ભૂલો થશે, માત્ર ગણ્યા ગાંઠ્યા માણસો કાયદાનું ઉલ્લંઘન કરશે અને સર્વત્ર પરોપકાર, દાન તથા દયાનો આવિર્ભાવ થશે.

અહિં કેટલાકના મનમાં પ્રશ્ન ઉપસ્થિત થશે કે સમજશક્તિનો કેવી રીતે વિકાસ કરી શકાય અને તેની બક્ષીસ કેવી રીતે ઉપલબ્ધ થઇ શકે ? આ પ્રશ્નનો જવાબ એ જ કે "તે ખરેખરી આકાંક્ષાઓથી અને આગ્રહપૂર્વક પ્રયત્નથી સુલભ થઇ શકે છે. કોઇ શિષ્ટપદ અથવા દ્રવ્યની માફક તે શક્તિ કોઈ સ્ત્રી અથવા પુરૂષને આપી શકાતી નથી. તેને માટે સતત પ્રયત્નો કરવા પડે છે અને તે ક્રમે ક્રમે મેળવી શકાય છે; કારણકે તે અભ્યાસ, અવલોકન, અનુભવ અને માનસિક એકાગ્રતામાંથીજ નિષ્પન્ન થાય છે." આમ છતાં જો આપણને કેટલીક ઉપયોગી હકીકતનું વાસ્તવિક ભાન થાય તો આ શક્તિ વિશેષ ત્વરાથી સાધ્ય થઇ શકે છે.

આ શક્તિનો મુખ્ય આધાર ધ્યાનપૂર્વક અવલોકન અને સહાનુભૂતિમય મનોવૃત્તિમાંથી પરિણમતાં વ્યવહારિક જ્ઞાન ઉપર છે, પરંતુ વ્યકિતગત અનુભવ ઉપર પણ તેનો ઘણોખરો આધાર છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે આપણાં જીવનની પૂર્ણતાના પ્રમાણમાં આપણી સમજશક્તિમાં વૃદ્ધિ થાય છે.

મધપુડાની અંદર ચાલી રહેલી ક્રિયા સમજવાને આપણે તેમાં વસનાર મધમાખીઓના કાર્યોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું જોઇએ અને તેઓ અમુક વસ્તુ શા માટે કરે છે તેનો પણ વિચાર કરવો જોઇએ. આનો અર્થજ વિચારપૂર્વક ધ્યાન છે. જેમ મધમાખીઓની બાબતમાં તેમ સ્ત્રીપુરૂષોના સંબંધમાં પણ આ જ નિયમ લાગુ પડી શકે છે. અમુક સ્ત્રીપુરૂષો અમુક કાર્ય શા માટે કરે છે તે જાણવાની આપણને ઇચ્છા હોય તો આપણે તેઓનાં કાર્યોનું લક્ષપૂર્વક અને સહાનુભૂતિપૂર્વક નિરીક્ષણ કરવું જોઇએ. આમ કરતાં એટલું સ્મરણમાં રાખવું જોઇએ કે તેઓનાં કાર્યો જોઇને આપણે જે ધારણાઓ બાંધીએ છીએ તે કરતાં તેઓના વિચારો વધારે સારા છે. આપણામાંના ઘણા થોડા માણસો પોતાનાં આદર્શબિંદુએ પહોંચે છે અથવા તો શરીરરૂપ હથિયારનો યોગ્ય ઉપયોગ કરે છે. આ ઉપરથી એમ પ્રતીત થાય છે કે આપણો સ્વાનુભવ મર્યાદિત હોવાથી આપણા જ્ઞાન અને પ્રતિબોધ માટે ઉચ્ચ કક્ષાના મનુષ્યો જે કાંઇ લખી ગયા છે તે આપણે હમેશાં વાંચવું જોઇએ. ઇતિહાસના વાંચન અને અભ્યાસથી આપણે ઘણું શીખી શકીએ છીએ. તે દ્વારા સર્વ પ્રકારના અને સર્વ સ્થિતિના માણસોના નિકટ સમાગમમાં આવવાથી આપણને ઘણું જાણવાનું મળી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે પોતાના માટે તેમજ બીજા લોકો માટે અનેક કાર્યો કરવા જોઇએ અને પ્રત્યેક વસ્તુને માટે બીજા પર આધાર રાખવાને બદલે આપણે પોતે વસ્તુત: ઉપયોગી બનવા યત્ન કરવો જોઇએ. કોઈ પણ આળસુ અને સુસ્ત માણસને સમજશક્તિની પ્રાપ્તિ થઈ શકતી નથી. પ્રયાસ અને અભ્યાસથી જ શક્તિ અને બુદ્ધિનો ઉદ્ભવ તથા વિકાસ થાય છે. જે માણસ બગીચાનું કાર્ય સમજી શકે છે તેણે તે કાર્યમાંજ પ્રવૃત્ત થવું જોઇએ. આ નિયમ સર્વત્ર લગાડી શકાય છે.

"શા માટે ચકો ગોળ ફરે છે?" એમ દરેક વસ્તુ વિષે 'શા માટે' થી શરૂ થતા પ્રશ્નો નિરંતર પૂછયા કરવા જોઇએ. જ્યાંસુધી આપણને કોઇ પણ વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન ન થાય ત્યાંસુધી આપણે તે વસ્તુ સંબંધી ઉંડા વિચારો કરતાં શીખવું જોઇએ અને તેમાં જ એકાગ્રચિત્ત બનવું જોઇએ. આપણી આસપાસના સર્વ મનુષ્યોને સમજવા માટે આપણે આ પ્રમાણે જ કરવાની જરૂર છે. એટલે કે આપણે તેઓના આંતરિક જીવનનો ઉંડો અભ્યાસ કરવો જોઇએ, જેથી કરીને આપણે તેઓનાં કાર્યોમાં સમજણપૂર્વક સહાનુભૂતિ ધરાવી શકીએ અને તેઓને જોઇતી મદદ કરી શકીએ. તેજ પ્રમાણે આપણે જો પશુવર્ગને સમજવા ઇચ્છતા હોઇએ તો આપણે તેઓની વિષે અનુકંપા ભરેલા વિચારો કરવા જોઇએ અને તેઓના ગુણ અવગુણ તથા સુખ દુ:ખને સમજવા કોશીશ કરવી જોઇએ. આમ આપણી દૃષ્ટિ આવરણ રહિત સ્વચ્છ અને વિશાળ થવાથી અને ભ્રાતૃભાવનું સત્ય ભાન થવાથી આપણે તેઓને દરેક સત્ય ધર્મશાસ્ત્ર અને નીતિશાસ્ત્રના મૂળ તત્ત્વોમાં ભેળવવા ઇચ્છશું, અને આપણા પ્રતિ તેઓના તરફથી જે પ્રકારનાં વર્તનની આશા અને ઇચ્છા રાખીએ છીએ તે પ્રકારનું વર્તન તેઓના પ્રતિ રાખવાની આપણને જરૂર પડશે.

સમજશક્તિની બક્ષિસના પ્રભાવથી આપણે આપણી જાતને અને બુદ્ધિને સુધારવાને તથા આ માયાવી જગત્માંથી ચાલ્યા જઈએ તે પહેલાં કંઈક શુભ કાર્ય કરવાને તત્પર બનશું; કેમકે તેનાથી આપણા જાણવામાં આવશે કે આપણી ભવિષ્યની સ્થિતિ આપણાં વર્તમાન કાર્યોથી નિશ્ચિત થાય છે. વળી આપણે અન્ય મનુષ્યોના અયોગ્ય લાભ લેતા વધારે સાવધાનતા રાખશું; અને જો આપણે પોતે જ્ઞાનહીન, અપવિત્ર, સંસારના બંધનથી જકડાયલા અને ઉચ્ચ હેતુ વગરના હોઈએ છીએ તો જ્યારે આપણે આ વર્તમાન જીવનના અંતની સમીપ અને ભાવિ જીવનના આરંભની સમીપ આવતા જઇએ છીએ ત્યારે આપણને પ્રતિભાસંપન્ન દિવ્ય કાર્ય કરનારાઓનો ગાઢ સહવાસ અનુભવવાની આશા રાખવાની મૂર્ખતા સ્પષ્ટત: બુદ્ધિગત થાય છે.

વાંચકવૃંદને આ ઉપયોગી શક્તિની સંપ્રાપ્તિ થાઓ એજ શુભેચ્છા! અસ્તુ!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુસ્તક.

રચનાર—રા. રા. શ્યામજી લવજી ભટ્ટ–વરલનિવાસી.

લાવણી ( સવૈયા ).

ગર્ભાધાનાદિ સંસ્કૃતિની વિધિ જણાયે પુસ્તકથી,
વર્ણાશ્રમ સામાજીક ધર્મને અનુસરાયે પુસ્તકથી;
દાન જ્ઞાન વૈરાગ્ય યોગ કે જપ તપ મખ શમ દમ વ્રતથી,
આત્માનું શ્રેયસ્કર અનુપમ કાર્ય સધાયે પુસ્તકથી. ૧
દુનિયાનું દૈવત પુસ્તક છે અભ્યુદય પણ પુસ્તકથી,
પડતી ચડતીનાં સૌ કારણ કળી શકાયે પુસ્તકથી;
દેશ વિદેશ તણી પ્રાચીન અર્વાચીન સર્વ હકીકતથી,
સમસ્ત લોકોની વિદ્યાથી પ્રવીણ થવાયે પુસ્તકથી. ૨
પદાર્થ પ્રાણી વનસ્પતિની પિછાણ થાયે પુસ્તકથી,
ગુણ અવગુણ ઉપયોગ તણી પણ મળે માહિતી પુસ્તકથી;
હુન્નર ને ઉદ્યોગ બુદ્ધિને વિકાસ થાયે પુસ્તકથી,
વિદેશમાં સન્મિત્રની સ્હેજે ગરજ સરે છે પુસ્તકથી. ૩

# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

પદ્યાત્મક ભાષાંતર સહિત.

રચનાર—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી (ભાવનગર)

( ગતાંક પૃષ્ટ ૨૭૦ થી શરૂ )

आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत्पशुभिर्नराणाम ।
धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः ॥

( દોહરા )

નિદ્રા ભય મૈથુન ને, ચોથો વળી આહાર;
પશુ જનમાં સામાન્ય એ, ચારે છે નિરધાર.
ધર્મ માત્ર એક મનુજમાં, મનાય છે જ વિશેષ;
ધર્મ વગર નર પશુ સમા, સંશય ધરો ન લેશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विद्या विवादाय धनं मदाय शक्तिः परेषां परिपीडनाय।
मूर्खस्य साधोर्विपरीतमेतज्ज्ञानाय दानाय च रक्षणाय॥

(દોહરા)

વાદ કરે વિદ્યા ભણી, ધનથી ગર્વ અપાર;
અંગબળેથી અવરને, પીડા કરે ગમાર.
પણ સજ્જન એ મૂર્ખથી, ઉલટો અતિ જણાય;
જ્ઞાન, દાન, રક્ષણ કરે, તે ત્રણ વડે સદાય.

संपदि यस्य न हर्षो विपदि विषादो रणे च धीरत्वम् ।
तं भुवनत्रयतिलकं जननी जनयति सुतं विरलम् ॥

(દ્રુત વિલંબિત)

ન સુખથી હરખાઇ કદી જતો,
દુઃખ સમે દિલગીર ન જે થતો;
અધિક ધીરજ જે ધરતો રણે,
જનની એ સુત તો વિરલા જણે.

प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनम् ।
तृतीये नार्जितो धर्मः चतुर्थे किं करिष्यति ॥

(રૂચિરા)

પ્રાપ્ત કરી નહિ પે'લી વયમાં વિદ્યા પૂરી પ્રીતે રે,
બીજીમાં સંચય નવ કીધો ધનનો રૂડી રીતે રે;
ધર્મ કર્યો નહિ વય ત્રીજીમાં સુપાત્રને દઈ દાનો રે,
ચોથી વય ઘડપણમાંહિ કો' તે નર શું કરવાનો રે ?

न चोरहार्यं न च राजहार्यं न भ्रातृभाज्यं न च भारकारी ।
व्यये कृते वर्धत एव नित्यं विद्याधनं सर्वधनप्रधानम् ॥

(છપ્પા)

ચોરી શકે ન ચોર, ન લુંટી શકે કો રાય,
ભાઇ ન માગે ભાગ, ન અંગે ભાર જણાય;
ગુપ્તપણે દિનરાત રહે સંગે જ સદાય,
આપી સુખ અનુપ પ્રદેશે કરે સહાય;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી વાવરતાં વધતું નિત્યે વિદ્યાધન ઉત્તમ અતિ,
ઉદ્યોગ, ખંત, ઉલ્લાસથી સંગ્રહજો સૌ સુમતિ.

आयुःकर्म च वित्तं च विद्या निधनमेव च ।
पञ्चैतान्यपि सृज्यन्ते गर्भस्थस्यैव देहिनः ॥

( અનુષ્ટુપ્ )

વિદ્યા નિધન ને કર્મો, અર્થ આયુષ્ય કેટલું;
ગર્ભથી સર્વ પ્રાણીનું, નિશ્ચે થાય જ એટલું.

सुखस्य दुःखस्य न कोऽपि दाता परो ददातीति कुबुद्धिरेषा ।
अहं करोमीति वृथाभिमानः स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥

( મંદાક્રાંતા )

આ સંસારે સુખદુઃખતણો કોઇ દાતા ન જાણો,
'બીજે દીધું સુખદુઃખ મને' એ કુબુદ્ધિ પ્રમાણો;
'મેં કીધું' એ જરૂર જનનું, ભાઇ! મિથ્યાભિમાન,
કર્મોરૂપી દૃઢ નિગડથી સર્વ છે બંદીવાન.

—ચાલુ.

# જૈન કોમમાં આરોગ્યની આવશ્યકતા.

લે૦ રા. રા. સારાભાઇ મોહનલાલ દલાલ (અમદાવાદ)

"Health is Wealth"—"આરોગ્ય એ ધન છે" એ સૂત્ર સર્વસુપ્રસિદ્ધ છે. આ સૂત્રની સત્યતા માટે બે અભિપ્રાય હોઇ શકે જ નહિ; કેમકે આરોગ્ય વગર સર્વ દ્રવ્ય નકામું છે. જીવન વહન કરવા માટે આરોગ્યની ઘણી જ અગત્ય છે. જે મનુષ્યો શારીરિક અથવા માનસિક પરિશ્રમથી જીવન ગુજારે છે તેઓ આરોગ્યને સૌથી સરસ વિભવ ગણે છે. વિશ્વનું રક્ષણ કરવામાં અને વિશ્વની ઉન્નતિ સાધવામાં માનવજાતિને મદદગાર થવામાં આરોગ્ય મોટો ભાગ ભજવે છે. તેથી જૈન કોમના ઉત્કર્ષમાટે આરોગ્યની અત્યંત આવશ્યકતા છે. તો જો આપણે ભવિષ્યમાં મિષ્ટ ફલોનું આસ્વાદન કરવા ઇચ્છતા હોઇએ તો નાના ઉછરતા બાળકો અને બાળકીઓની શારીરિક કેળવણી ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

હવે આપણે આપણી કોમનુ સુખ અને કલ્યાણ સાધવામાં આરોગ્ય કેવી રીતે મદદ કરે છે તેનો વિચાર કરીએ. જો આપણાં બાળકોનાં શરીર, હૃદય અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મગજ નિરામય હશે તો સતત અભ્યાસના પરિણામે નિપજતાં અકાળ મૃત્યુના પંજામાં પડતાં તેઓ બચી શકશે. વળી તેનાં શરીર રોગરહિત હશે તો તેઓ પોતાની કોમને ઉન્નતિના શિખર પર લઇ જવાને અવિચ્છિન્ન ઉત્સાહથી હમેશાં કાર્ય કરી શકશે. આરોગ્યને લઇને સમાજમાં તેઓ માન અને પ્રતિષ્ટા સંપાદન કરવા સમર્થ બનશે, અને આ અસાર સંસારમાં તેઓનાં નામ ચિરસ્મરણીય બનશે. તેઓ નિરોગી હશે તોજ તેઓ પોતાના પગ ઉપર ઉભા રહેતા શીખશે અને આમ તેઓમાં જાતમહેનતના ગુણનો વિકાસ થશે. આ સદ્ગુણના પ્રભાવથી કોઇ પણ વ્યાપાર અથવા ધંધામાં પડતી મુશ્કેલીઓ દૂર થાય છે. તે ઉપરાંત તેઓ સ્વચ્છતા યાને સુઘડતાનો બીજો સદ્ગુણ મેળવે છે, જે સદ્ગુણ મનુષ્યના સુખ દુઃખનો પાયો છે. આરોગ્યથી તેઓ માનસિક સમતોલપણું જાળવી શકે છે; કેમકે એવા પ્રસંગે તેઓ વિચાર કરે છે કે કસોટીના પ્રસંગો અને મુશ્કેલીઓ અમુક પ્રકારની વિશુદ્ધ કરે એવી અસર ઉત્પન્ન કરે છે.

છેવટે, માત્ર જ્ઞાતિના કલ્યાણ અને અભ્યુદય માટે જ નહિ, પરંતુ ધર્મના નિભાવ અર્થે પણ કોમના બાળકોના--ભવિષ્યના નેતાઓના શરીર તન્દુરસ્ત બનાવવાને યોગ્ય ઉપાયો યોજવામાં બને તેટલું કરવાની શ્રી મહાવીર પ્રભુના પ્રત્યેક અનુયાયીની મુખ્ય ફરજ છે. આટલું કહી હાલ તો અત્ર વિરમવામાં આવે છે.

# બોધક સૂત્રો.

કંઇક કાર્ય કરવું, કંઇકને ચ્હાવું અને કંઇકને માટે આશા રાખવી. એ ત્રણ જીવનના મુખ્ય તત્વો છે.

પ્રત્યેક દયાળુ વિચાર, સ્વાર્થત્યાગ અને ઉમદા કાર્ય મનુષ્યને પરમાત્માની વધારે અને વધારે નિકટમાં લઇ જાય છે.

ચાર વસ્તુઓ ગયા પછી પાછી આવતી નથી. ૧ ફેંકેલું તીર. ૨ બોલાયેલો શબ્દ. ૩ ગાળેલી જીંદગી. ૪ જવા દીધેલી તક.

આત્મા અમર હોવાથી આપણે અમર્ત્ય છીએ, અને તેથી આપણે અમર્ત્યની માફક જીવન ગાળવા યત્નશીલ બનવું જોઇએ.

કોઇ પણ કાર્ય કરવાની શક્તિનો ઉપયોગ કરવામાં આવે છે તેમ તેમાં વધારો થાય છે.

ઘણા ઉચ્ચાભિલાષો હોવા તે આધ્યાત્મિક દૃષ્ટિએ દ્રવ્યસંપન્ન હોવા સમાન છે; કેમકે ઉચ્ચાભિલાષોની સિદ્ધિ થશે જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોક દૂર કર અને તારા જાતિભાઈઓને મદદ કર.

તું પૈસાને આધીન ન બન; પૈસાને તારો ગુલામ બનાવ.

પ્રેમ વિના મનુષ્ય વા દેવમાં સૌંદર્યનો અવબોધ થતો નથી.

આપણા હૃદયમાં જે હશે તે આપણાં કાર્યોમાં પ્રત્યક્ષીભૂત થશે. જેવા આપણે છીએ તેવાં જ આપણાં કાર્યો બનશે.

જે માણસ સભ્યતા વાવે છે તે મિત્રતારૂપી સુફળ ચાખે છે; જે દયાનું રોપણ કરે છે તે પ્રેમ સંપાદન કરી શકે છે.

તમારાથી બની શકે તેટલો પ્રેમ દરેક વસ્તુ પ્રત્યે રાખો: જગત્ કટુતાથી ભરેલું છે. જ્યારે જયારે પ્રસંગ મળે ત્યારે જીંદગીનો પ્યાલો મધુર બનાવવા પ્રયત્ન કરો.

વિત્તની માફક વિદ્યાનો ઉપયોગ મનુષ્યોના ઉદ્ધાર અને મુક્તિ માટે કરવો જોઇએ; નહિ તો તે ધારનારમાં કાંઇ પણ ન્યૂનતા હોવી જોઇએ.

સર્વ મનુષ્યોમાં દૂષણો હોય છે; અને જે કોઈ દોષ વગરના મિત્રને શોધે છે તે તેવા પ્રકારનો મિત્ર મેળવી શકતો નથી. આપણે પોતે દોષોથી ભરેલા છતાં આપણે આપણી જાતને ચાહીએ છીએ, અને તેવીજ રીતે આપણા મિત્રોને આપણે ચ્હાવા જોઇએ.

"સર્વનું કલ્યાણ સાધવા કાર્ય કર" એ પ્રભુપ્રેરિત આદેશ આપણાં હૃદયપટમાં લખાયેલો છે, અને જ્યાંસુધી તે આદેશનો રાત્રિદિવસ યથાર્થ સમજણ પૂર્વક અમલ કરવામાં નથી આવતો ત્યાંસુધી આપણને લેશ પણ આરામ મળી શકતો નથી.

આપણે બધા સીધા જઈ શકીએ છીએ અને નિયત કર્ત્તવ્ય બજાવી શકીએ છીએ.

હમેશાં જ્યારે પ્રસંગ મળે ત્યારે બને તેટલું હસો. તે એક પ્રકારનું સસ્તું ઔષધ છે.

શત્રુને બલાત્કારથી જીતવાથી આપણે શત્રુતામાં વૃદ્ધિ કરીએ છીએ, પરંતુ પ્રીતિવડે જીતીએ તો આપણને કોઈ જાતની દિલગીરી કે ગ્લાનિ થશે નહિ.

જે માણસની કંઇક કિંમત હોય છે તેજ બીજાની કિંમત સમજી શકે છે. સૌંદર્યના પ્રેમમાંથી જ પૃથ્વી અને સ્વર્ગની દરેક સારી વસ્તુની ઉત્પત્તિ થયેલી છે.

માનસિક ભીતિ વગર સુંદર અને શાંત થવું એ પ્રકૃતિનો આદર્શ છે. ખરેખરી નિષ્કપટતા સર્વ વીરપુરૂષોનું પ્રથમ લક્ષણ હોય છે.

દીર્ઘકાળ પર્યંત ઉત્સાહથી કાર્ય કર્યા પછી નિષ્ફળતા મળે તો તે કદાપિ કંઈ પણ પ્રયાસ ન કરવો તેના કરતાં વધારે પ્રશંસવા યોગ્ય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના દેશબંધુઓ માટે દેહત્યાગથી માણસ બીજુ વધારે શું કરી શકે ? તેઓને માટે જીવો. તે કાર્ય લાંબા સમય સુધી ચાલે એવું છે અને તેથી જ વધારે વિકટ અને વધારે ઉમદા છે.

મહાન કાર્યો મહાન વારસા સમાન છે, અને તે આશ્ચર્યભૂત અસર કરે છે. માણસોએ જે કર્યું છે તેનાથી માણસ શું કરી શકે છે તે આપણે જાણી શકીએ છીએ, અને માનવજાતિની શકિતનું માપન કરી શકીએ છીએ.

ઘરોના છાપરાં ઉંચા કરવાથી નહિ, પરંતુ મનુષ્યોના આત્માની ઉન્નતિ કરવાથી તમે દેશની મોટામાં મોટી સેવા બજાવી શકશો. કેમકે નિકૃષ્ટ કોટિના આત્માઓ મોટા આવાસમાં રહે તે કરતાં ઉત્કૃષ્ટ કોટિના આત્માઓ નાના આવાસમાં રહે તે વધારે સારૂં છે.

તમે દુષણોમાંથી છટકી શકો તેમ નથી. તમારે કોઈક વખતે તેનો નાશ કરવો જ પડશે. અને તો પછી શા માટે હમણાં જ અને વર્તમાન સ્થિતિમાં તે કાર્ય ન કરવું ?

જે માણસ સ્ત્રીના પ્રેમથી પવિત્ર થયો નથી, તેની હિંમતથી મજબૂત થયો નથી અને તેના ચાતુર્યથી દોરાયો નથી તે કદિ ખરૂં જીવન ગુજારી શકતો નથી.

ચોક્કસ માનો કે એક મનુષ્યના હૃદયની ચાવી મેળવવાથી તમે સર્વનાં હૃદયની ચાવી મેળવો છો. શુદ્ધ હૃદયથી ચ્હાવું એ જ શુદ્ધ ભાવથી જાણવા બરાબર છે, અને એક માણસને શુદ્ધ હૃદયથી ચ્હાવું એ સર્વ મનુષ્યોને શુદ્ધ હૃદયથી ચ્હાવાનું પ્રથમ પગથીયું છે.

માણસ કેટલું કાર્ય કરે છે તે કરતાં કેવા પ્રેમથી તે કાર્ય કરે છે એની જ ગણના થાય છે.

અધઃપાત થયા પછી ઉન્નત થવામાં જ ખરી મહત્તા છે; નહિ કે આપણો કદિ અધઃપાત ન થાય તેમાં.

જે દેશની અંદર સુખી અને ઉદારચિત્ત નરદેવો વસે છે તે જ દેશ ખરેખરો સમૃદ્ધિવાન છે.

મનુષ્યજીવનનો આદ્ય સિદ્ધાંત અને હેતુ પ્રેમ છે.

અસત્યને સત્ય નથી એમ સિદ્ધ કરવા કરતાં અસત્ય સ્વીકારી લેવું એમાં ઓછી મહેનત રહેલી છે.

સુખ વિરૂપતાનો નાશ કરે છે અને સૌંદર્યને અધિક સુંદર બનાવે છે.

કર્તવ્યને મજબૂત વળગી રહો. તમે અંતરાત્માની શાંતિ અનુભવતા હો તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિષ્યની દરકાર ન કરો. તમારે જેવા થવું જોઇએ તેવા થાઓ. આથી વિશેષ તમારે કરવાનું નથી.

એક ગુણી માણસનો દેખાવ અને તેનું નામ માત્ર અન્ય મનુષ્યોને જીવન નિર્વાહન કરવામાં ઘણી મદદ કરે છે.

ઘણા લોકો પોતાની જાતને પૂજ્ય બનાવવામાં ગૌરવ માને છે, પરંતુ બીજાને પૂજ્ય માનવામાં લઘુતા ગણે છે.

વીરત્વ વગર સાચો ધર્મ નભી શકે નહિ.

## श्रीमद् आनंदघनजीना एक पदनो अनुवाद.

અનુષ્ટુપ્.

રીતિ અવનવી કેવી, આત્માનુભવ પુષ્પની;
નાસિકા ગંધ લેતી ના, કર્ણેંદ્રિય અગમ્ય જે.

હરિગીત.

અજાગલસ્તનથી નિરંતર પ્રાણીઓ દુધ ઇચ્છતા,
પરભાવમાં અનુરક્ત થઇને સત્ય શું એ પામતા;
શ્રી ચેતના એમજ વદે એ સંગ મમતા પામીને,
હે મિત્ર ! અનુભવ ! કેમ નહિ તું બોધતો મમ સ્વામીને. ૧

મુજ વચન ખેદ લહીશ ના તું સત્ય શીખવે જાણતી,
કહેતાં નિરંતર સ્વામીને હું બહુ અકારી લાગતી;
'અંગુલી એ સર્પ લાગે' ન્યાય એવો માનીને,
હે મિત્ર ! અનુભવ ! કેમ નહિ તું બોધતો મમ સ્વામીને. ૨

રાગ થકી એ અન્ય સંગે સ્વામી ચેતન રાચતો,
પરભાવ રમણ સ્વભાવમાં પ્રત્યક્ષ રૂપ જણાવતો;
આનંદઘન થઇ સિદ્ધ રૂપે સંગ સુમતિ પામીને,
હે મિત્ર ! અનુભવ ! કેમ નહિ તું બોધતો મમ સ્વામીને. ૩

ફતેહચંદ ઝવેરભાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વીતરાગ શાસનની રક્ષા અને પ્રભાવના આપણાથી શી રીતે થઇ શકે?

( લે. મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ )

વ્હાલા બંધુઓ અને બ્હેનો !

આપ સહુને નમ્રપણે નિવેદન કરવાનું કે આપણા પરમ પૂજ્ય પિતા તુલ્ય શ્રી મહાવીર પ્રભુએ આપણા સહુના એકાન્ત હિતને માટે પોતે પુરૂષાર્થવડે અઘોર તપસ્યા સાથે અનેક આકરા ઉપસર્ગો તથા પરિષહો અદીનપણે સહન કરી, નિર્મળ લેશ્યા – ધ્યાન – અધ્યવસાય યોગે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને શકિત પોતામાંથીજ પ્રગટ કરી, એવીજ આત્મસંપદા પ્રગટ કરવાનો ઉત્તમ ઉપાય પોતાનાજ જવલંત દ્રષ્ટાન્તથી આપણને ઉત્તમરીતે સિદ્ધ કરી બતાવ્યો છે, એટલુંજ નહિ પણ સહુ કોઇને અધિકાર પરત્વે જે સાધનમાર્ગ બતાવ્યો છે તે બધાં સાધનમાં મુખ્યપણે જેમ બને તેમ સ્વચ્છંદતા કહો કે પ્રમાદાચરણ તજીને ઉદ્ધત અશ્વસમાન મન ઇન્દ્રિયને દમી કબજે કરી ક્ષમા, મૃદુતા, સરલતા અને સંતોષવડે ક્રોધાદિક ચારે કષાયોનો નિગ્રહ કરી, ઉદાર અહિંસાદિક આચરણવડે હિંસાદિક પાપસ્થાનકોનો પરિહાર કરી આપણાં વિચાર, વાણી અને આચારને શુદ્ધ પવિત્ર અવિકારી બનાવવાના સતત અભ્યાસવડે વીતરાગદશા પ્રાપ્ત કરવા ( પ્રગટ કરવાં ) નુંજ સાધ્ય–લક્ષ રાખવાનું સૂચવેલું છે તે ખરા મુદ્દાની વાત થોડીવાર આંખો મીચી વિચારી જોતાં તમને સત્ય પરમાર્થરૂપ લાગતીજ હોય તો અત્યાર સુધી એથી અવળું આચરણ કર્યું કરાવ્યું હોય તેને માટે નિષ્કપટપણે પરમાત્મ પ્રભુ પાસે માફી એવા ભાવે માગો કે ફરી પાછાં એવાં અવળાં આચરણ જાણી બુઝીને તો કરવાનો વખત નજ આવે અને ફરી ફરી ખોટી ખોટી દંભભરી માફી માગવી નજ પડે. આજ સુધીમાં જે જે ધર્મ કરણી આત્મ લક્ષ વગર કેવળ ગતાનુગતિકપણે અથવા પ્રગટ કે પરોક્ષ પુદગલિક સુખની આશાથી કરી તેને માટે મનમાં પસ્તાવો કરી હવે પછી આપણી યોગ્યતા પ્રમાણે જે જે ધર્મ કરણી કરવામાં આવે તે તે આત્મ લક્ષથીજ કરવી, એટલે પ્રથમ તો આપણે ચિન્તામણિ રત્ન સમાન ધર્મની પ્રાપ્તિ માટે આપણામાં પરદોષોપેક્ષા રૂપ ગંભીરતા, પંચેદ્રિય-પટુતા દયા, લજ્જા, સૌમ્યતા, લોક પ્રિયતા, કોમળતા, પાપ ભીરૂતા, અશઠતા, દાક્ષિણ્યતા, મધ્યસ્થતા, ગુણરાગિતા, સત્યપ્રિયતા, સુપક્ષતા, દીર્ઘદર્શિતા, વિશેષ-જ્ઞતા, વૃદ્ધાનુસારિતા, વિનીતતા, કૃતજ્ઞતા પરોપકારિતા અને ચંચળતા સાથે કાર્ય-દક્ષતા જેવા સદ્દગુણોનું જરૂર સેવન કરવું જોઇએ. ત્યાર પછી અતિ દુર્લભ સમ્યકત્વ રત્ન પામવા માટે ઉત્તમ ગુરૂનો સમાગમ કરી યથાર્થ તત્ત્વની સમજ સાથે શ્રદ્ધા કરવી જોઇએ. પ્રાણાન્તે પણ તત્વમાં અશ્રદ્ધાન રૂપ મિથ્યાત્વ સેવવું નહિ જોઇએ. ન્યાય–નીતિ–પ્રમાણિકતાદિક માર્ગાનુસારીપણું મક્કમ મને આદરવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અન્યાય–અનીતિ–અપ્રમાણિકતા ભરી લાલચોને લાત મારવી જોઈએ. તેમજ સદ્દગુણી સજ્જનસ્વભાવી સાધર્મી બંધુઓ પ્રત્યે અવિહડ પ્રેમ રાખવો અને તેમને માટે વખતે મરી ફીટવું જોઈએ. નિર્મળ જ્ઞાન વૈરાગ્યયોગે અનુક્રમે હૃદય એટલું બધું વિશાળ બનાવવું જોઇએ કે આખી દુનિયા સ્વકુટુંબ રૂપે કે આત્મરૂપે જ ભાસ્યમાન થાય. પરમ પવિત્ર પ્રભુના શાસનની પ્રભાવના કહો કે ઉન્નતિ આવીજ રીતે થઈ શકશે. કિંબહુના ? ઇતિશમ્.

## લઘુતા ત્યાં પ્રભુતા ( નમે તે પ્રભુને ગમે ) નમ્રતામાંજ મ્હોટાઇ.

મગરૂરીથી રાવણ અને દુર્યોધન જેવા નૃપતિઓની ભારે ખુવારી થવા પામી છે અને નમ્રતા દાખવવાથી અનેક ભવ્યાત્માઓનો ઉદ્ધાર થઇ ગયો છે એ વાત એટલી બધી પ્રસિદ્ધ અને ચોક્કસ છે કે તે માટે વધારે પુરાવાની જરૂર રહેતી નથી; તેમ છતાં શ્રીમત્ ચિદાનંદજી મહારાજે જે એક અદ્ભુત પદ તે બાબત ગાયું છે તે મનન કરવા યોગ્ય હોવાથી તેનો ઉલ્લેખ અત્ર કરવો ઉચિત ધાર્યો છે.

> લઘુતા મેરે મન માની, લહી ગુરૂ ગમ જ્ઞાન નિશાની;
> મદ અષ્ટ જિનુને ધારે, તે દુરગતિ ગયે બિચારે;—લઘુતા૦
> દેખો જગતમેં પ્રાની દુ:ખ, લહત અધિક અભિમાની.

ઈત્યાદિક બોધદાયક પદમાંથી ચતુરજનોએ લેવા યોગ્ય સાર એ છે કે ભૂલે ચુકે કોઇ પણ વસ્તુ ગમે તેવી એકબીજાથી સારી ચઢીયાતી સાંપડી હોય તો પણ તેનો ગર્વ કરવો નહિ, પરંતુ તે વસ્તુ પૂર્વે કરેલાં સુકૃતયોગે જ પ્રાપ્ત થયેલી જાણી, જ્ઞાનીનાં વચન સાચાં માની, ગુણાધિક તરફ અધિક નમ્રતા ધારી, વિશેષ સાવધાનતા પૂર્વક સુકૃત કમાણી કરવા લક્ષ રાખ્યા કરવું. તેવે પ્રસંગે ફુલાઇ જઈ, મદોન્મત્ત બની જ્ઞાનીનાં હિતકારી વચનનો અનાદર કરી, સ્વેચ્છાચારી બની જવું નહિં. જે કોઈ અજ્ઞાનતા વશ જાતિમદ, કુળમદ, લાભમદ, ઐશ્વર્યમદ, તપમદ, બુદ્ધિમદ, રૂપમદ અને બળમદ કરે છે તેમને તેથી લાભ તો કશો મળતો નથી પણ તેઓ આ ભવમાંજ નહિ તો અન્યભવમાં તો એજ વસ્તુની ન્યૂનતા અવશ્ય પામે છે એટલું જ નહિ પણ પરની લઘુતા અને આપણી બડાઇ નકામી કરવાથી ભવિષ્યમાં ભારે વિટંબના પામે છે અને જે શુભ સામગ્રીવડે સુકૃત કરણી કરી ભવિષ્ય સુધારી શકાય છે તે પોતાની જ મૂર્ખાઇથી હારી જઇ ફરી પાછી તથાપ્રકારની સુકૃત કરણી કર્યા વગર પામી શકતા નથી. એમ સમજી શાણા માણસોએ તેવે પ્રસંગે આંબાની જેમ અધિક નમ્રતા જ ધારવી ઉચિત છે. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કથની કથવા માત્રથી શું વળવાનું છે? રહેણીએ રહેવાથીજ સિદ્ધિ છે.

રૂડી રહેણી-કરણી વગર કેવળ લોકરંજનાર્થે કથની કરવી નકામા જેવી છે; કેમકે તેથી કંઇ વળતું નથી. તેવી લુખી કથનીની કશી રૂડી અસર શ્રોતા ઉપર ભાગ્યેજ થવા પામે છે. વધારામાં તો વખતે તેવી લુખી વાતો કરનારા વાયડામાં ખપે છે. તેથી જ જ્ઞાની પુરૂષો પ્રથમ પોતાની જ જાતને સુધારી લેવા ભાર દઇને કહે છે; કેમકે તેથીજ પોતાને તેમજ પરને લાભ થઇ શકે છે. જેની રહેણી કરણી રૂડી હોય છે તેના વચનનો પ્રભાવ બીજા ઉપર સારો પડી શકે છે. વખતે તે મૌન જ ધારણ કરે છે, તો પણ તેનું રૂડું ચારિત્ર-આચરણ દેખી લોકો તેનું અનુકરણ કરતાં શીખે છે. તેથીજ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વર જેવા સમર્થ પુરૂષે ઠીક જ કહ્યું છે કે 'જે કોઇ અન્ય જનોને કોરી શિખામણો દેવામાં જ ચતુર હોય તેમને માણુસની પંક્તિમાં જ કોણ ગણે છે? જે કોઇ પોતાની જાતને જ રૂડી શિખામણ દઇ સુધારી શકે છે તેમનેજ ખરા માણસની પંક્તિમાં અમે લેખીએ છીએ.' મતલબ કે **પરોપદેશે પાંડિત્ય** બતાવવાથી આપણું કશું વળે એમ નથી. પોતાની જાતને જ (પોતાનેજ) પ્રથમ કેળવી સદ્ગુણી બનાવી લેવાથી જ પોતાનું તેમજ પરનું હિત થઇ શકે છે. ચિદાનંદજી મહારાજે એવાજ ઉત્તમ આશયથી '**કથની કથે સહુ કોઇ, રહેણી અતિ દુરલભ હોઇ**' ઇત્યાદિ બોધદાયક પદ પ્રકાશેલું છે, તે પદ વાંચી વિચારી સુજ્ઞજનોએ વધારે બોલવાની ટેવ તજી દઇને રહેણીએ રહેવાની ટેવ પાડવી જરૂરની છે. વગર જરૂરનું કે રસ-સ્વાદ વગરનું લુખું બોલવું બીજાને ગમતું નથી, તેથી તે હિત પણ કરી શકતું નથી, કેવળ તે કષ્ટ-શ્રમ રૂપ જ થાય છે. ખરા અનુભવી પુરૂષો જે સત્ય અનુભવનું ગાન કરે છે તેની સહૃદય જનો ઉપર જાદુઇ અસર થવા પામે છે. જે દેશ કે સમાજમાં મિથ્યાડંબરી ઓછા અને સત્ય નિષ્ઠાવાળા અધિક પાકે છે તે દેશ કે સમાજનો ઉદય થયા વગર રહેતો નથી. એથી ઉલટું જે દેશ કે સમાજમાં મિથ્યાડંબરી (ખોટો બકવાદ ને ઢોંગ કરનારા) વધારે અને સત્યનિષ્ઠાવાળાની અછત હોય છે તે દેશ કે સમાજની અધોગતિ (પડતી) પણ થયા વગર રહેતી નથી. કોઇ પણ **ન્યાયાધીશ કરતાં ધર્મોપદેશકની જવાબદારી ઓછી નહિં પણ** અધિક છે. તેમણે પોતે દેખાવમાત્રથી જ નહિં, પણ અંતરથી શુદ્ધ સદ્ગુણી બનીનેજ અન્યને તેવા થવા શિખવવાનું છે.

લે૦—મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમયના પ્રવાહમાં.

ગયા જાનેવારી માસમાં મુંબઈ જૈન માંગરોળ સભામાં પંડીત બેચરદાસે દેવ દ્રવ્ય વિગેરેના સંબંધમાં એક જાહેર ભાષણ આપ્યું હતું. તેમનું તે ભાષણ જૈનપત્ર અને જૈન રીવ્યુ માસિકમાં પ્રકટ થયા બાદ અનેક મનુષ્યોના હ્રદયમાં કેટલીક હકીકતને માટે આશ્ચર્ય ઉત્પન્ન થયું હતું અને તે સંબંધમાં બીજા પણ પેપરોએ કેટલોક તે બાબતમાં ઉહાપોહ પણ કર્યો હતો. અમો માનીએ છીએ અને શાસ્ત્રકાર કહે છે તે મુજબ મૂળસૂત્રો અને પંચાંગી સર્વમાન્ય છે જેથી તેમાં આવેલી કોઈ પણ હકીકત જૈનધર્મના અનુયાયીને માન્યજ હોઇ શકે. જેથી કરીને આ માસિકના વૈશાક માસના અંકમાં આ દેવદ્રવ્ય સંબંધી હકીકત મૂળસૂત્રો કે પંચાંગીમાં હોઈને, તેમજ સાત ક્ષેત્રો સંબંધી વર્ણન પણ આગમોની અંદર હોઇને તે સાત ક્ષેત્રો પૈકી જિન ચૈત્ય અને જિનબિંબ એ બે ક્ષેત્રોની વ્યવસ્થા, મરામત અને રક્ષણમાટે સંગ્રહવામાં આવેલ દ્રવ્ય જેને બીજા શબ્દોમાં દેવદ્રવ્ય કહેવામાં આવે છે તે સંબંધી જે હકીકત ઉપરોક્ત અંકમાં લેખકે જણાવી હતી અને સાથે કાયદાની દષ્ટિએ જે ખાતાનું જે દ્રવ્ય હોય તે તે ખાતામાં વાપરવું એવી પણ હકીકત જણાવેલી હતી, તે સાથે બીજા પણ પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા અને પંડિત બેચરદાસે પોતાના ભાષણમાં જે હકીકતો જણાવી છે તેના શાસ્ત્રાધાર સાથે ખુલાસા કરવા માટે તે અંકમાં તેમને સૂચના કરેલી છે. તેમનો પોતાના ભાષણમાં કહેલી કોઇ પણ હકીકત માટે હજી સુધી કાંઇપણ ખુલાસો બહાર નથી આવ્યો, તે દરમ્યાન આચાર્ય મહારાજશ્રી સિદ્ધિવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજે એક વિદ્વત્તાભરેલો અને શાસ્ત્રાધાર વાળો એક ખુલાસો જૈન પત્રના ત્રણ અંકમાં બહાર મુકેલ છે. જેમાં મૂળસૂત્રો અને પંચાંગી વિગેરે મજતે માનનીય ગ્રંથોના રદીઆ આપી પંડિત બહેચરદાસે પોતાના ભાષણમાંકહેલી દેવદ્રવ્ય વિગેરે સંબંધી હકીકત શાસ્ત્ર સમ્મત નથી એમ બતાવી આપ્યું છે. જે યોગ્ય છે. જ્યારે જ્યારે આવા આવા ચર્ચાના વિષયો કોઇ પણ વ્યક્તિ તરફથી ગમે તેવાં ઉપસ્થિત થાય છે ત્યારે વિવેકી જનો તેનો ઉહાપોહ થઇ સત્યાસત્યના નિર્ણયની રાહ જુવે છે. ત્યારે અંધશ્રદ્ધા વાળા ઉતાવળા માણસો સમાજમાં ખાલી ખળભળાટ કરી મુકે છે તેટલુંજ નહિ પરંતુ તેનો વિવેકથી મર્યાદામાં રહીને શાસ્ત્રાધારથી ખરી હકીકત શું છે તે બતાવવાના પ્રયત્નને બાજુએ મુકી તેવી ચર્ચા ઉત્પન્ન કરનાર મનુષ્યને ગમે તેવા શબ્દો બોલી, લખી કે પ્રસિદ્ધ કરી હલકા પાડવાનો પ્રયત્ન કરે છે. તેટલુંજ, નહિ પરંતુ આવી ચર્ચાના પ્રસંગોએ સંઘ બહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુકવા જેવી ભયંકર વાતો કરી કોલાહળ કરી મુકે છે. બુદ્ધિમાન મનુષ્યો તો એમ માને છે કે આવા સવાલો ઉપસ્થિત થાય ત્યારે તે ઉપસ્થિત કરનાર શખ્સને સંઘ બહાર મુકવાની વાત બોલવી કે પેપર દ્વારા તેવી વાત ગમે તેવા સ્વરૂપમાં ઉપસ્થિત કરવી તે સમતોલ મગજ નહિ રાખી શકનારા અંધશ્રદ્ધાવાળા અને ભવિષ્યમાં કલેશનું સ્વરૂપ થશે તેમ નહિ સમજનારા મનુષ્યોને આવી વાતનો ઉદ્ભવ કરાવી તેઓના હાથમાં એક ભયંકર શસ્ત્ર આપવા જેવું છે. જો કે ધર્મના અમુક પ્રકારના ભયંકર ગુન્હા અને અત્યાચારો માટે તેવી શિક્ષા સમયને અનુસરીને કદાચ થઈ શકે, પરંતુ તેને બદલે આવી ચર્ચાના પ્રસંગોએ તેવો ઉચ્ચાર કરવો, તેવી વાતનો ઉદ્ભવ ગમે તે સ્વરૂપે કરાવવો તે ધાર્મિક અને વ્યવહારિક બંને ન્યાયદૃષ્ટિથી વિરૂદ્ધ છે. જેમ કાયદાની દૃષ્ટિએ જુદા જુદા ગુન્હા માટે જુદી જુદી શિક્ષા હોય છે તેમ ધાર્મિક ગુન્હાઓ માટે પણ જુદી જુદી શિક્ષાઓ હોય છે. પરંતુ દરેક ગુન્હાને માટે સંઘ બહારની ભયંકર શિક્ષા માટે બોલવું, લખવું કે તે વાત ઉપસ્થિત કરવી તે તેવું કરનાર મનુષ્યને માટે તો ખાસ નવો પીનલ કોડ (ધાર્મિક ફોજદારી કાયદો) બનાવીને સોંપવો જોઇએ ! તે ગમે તેમ હો, પરંતુ આ વિષય સંબંધી પંડિત બહેચરદાસને અમો ફરી પણ સુચના કરીએ છીએ કે પોતે ભાષણમાં જે જે હકીકતો બહાર મુકી છે તે શાસ્ત્રાધારે સિદ્ધ કરવા માટે જેમ બને તેમ જલ્દી ખુલાસો બહાર મુકવાની જરૂર છે.

**મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજે** આ સંબંધમાં શાસ્ત્રોના રદીઆ આપીને જે અજવાળું પાડેલું છે તે માટે–તેવી હકીકત માટે તેમને અમો ધન્યવાદ આપીએ છીએ અને તેઓએ જે પદ્ધતિથી ખુલાસો બહાર પાડેલો છે તે પણ રીતસર, મીઠાશ ભર્યો અને નિષ્પક્ષપાત અમોને લાગે છે. તેવીજ રીતે હમેશાં ચર્ચાઓની બાબતમાં ખુલાસા બહાર પાડવા જોઇએ. પરંતુ તેને બદલે જો તેવા ખુલાસા પ્રકટ કરનાર કોઇ વ્યક્તિ તરફથી પોતાના ખુલાસામાં જો એક બાજુથી તેવી ચર્ચા ઉત્પન્ન કરનારને ઉતારી પાડવાના, સમાજની દૃષ્ટિમાં હલકા પાડવાના અને તેની લઘુતા કરવાના પ્રયત્નો થતા હોય અને બીજી બાજુથી ભલું લગાડવાનું થતું હોય તો જે ખુલાસો આપવામાં આવતો હોય તે યોગ્ય ખુલાસો કહી શકાય નહીં, પરંતુ બંને બાજુને સારૂં લગાડવાનું ગણાય એમ બુદ્ધિશાળી મનુષ્યો માને તો તે બનવાજોગ છે.

પંડિત બેચરદાસે પોતાના ભાષણમાં જણાવ્યું છે કે દેરાસરોમાં જૈન પ્રતિમાઓને પહેલાં મોહક દાગીના વીગેરે હતા જ નહિ તેમજ શાસ્ત્રના મૂળમાં કોઈ ઠેકાણે તેવો ઉપદેશ નથી કે પ્રભુની પ્રતિમાઓને શોભાવવી કે દાગીના ચઢાવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે વગેરે. પોતાના ભાષણમાં તેમણે આવી જે હકીકત મુકી છે તેને લગતી એક હકીકત હાલમાં એક ભાઈબંધ પત્રકારે બ્હાર પાડેલા પોતાના પત્રની નોંધમાં મુકી છે તે એ છે કે–" સમાજમાં આવા વિચારો કેમ અવકાશ પામતા જાય છે તેનું બારીકીથી નિરીક્ષણ કરી ભવિષ્યમાં વિચાર કરવાની જરૂર છે" તેમ જણાવી પોતાના વિચારો જાહેર કરે છે કે–" અન્ય ક્ષેત્રની અપેક્ષાએ દેવદ્રવ્યને આપેલી અતિશય મહત્તા, આપણા મંદિરોમાં કેટલીક વૈષ્ણવીય આભૂષણ તથા સુશોભીત પદ્ધતિનો પ્રચાર, કેટલેક ઠેકાણે મંદિરોના ગંજાવર ખાતાઓમાં જોવામાં આવતી ગેરવ્યવસ્થા, અન્ય પક્ષે નવીન ભાવનાઓનો વિકાસ, લોકહિતની બીજી અનેક બાબતોમાં દ્રવ્યની અતિશય તંગી–આવા આવા અનેક કારણોથી દેવદ્રવ્ય સંબંધી વર્તમાન વિચારોનો જન્મ છે એમ અમારૂં માનવું છે."

અમો એમ કહેવા માગીએ છીએ કે ઉપરના ફકરામાં જણાવવામાં આવેલા " આપણા મંદિરોમાં કેટલાક વૈષ્ણવીય આભૂષણો તેમજ સુશોભન પદ્ધતિનો પ્રચાર. આનો અર્થ સામાન્ય રીતે જિનેશ્વર ભગવાનની રચવામાં આવતી વિવિધ પ્રકારની આંગી અને તેને અંગે કરવામાં આવતી શોભા એમ હોઇ ઉપર બતાવવામાં આવેલ પંડિત બેચરદાસના શબ્દો મોહક વસ્ત્રો અને દાગીનાઓથી મૂર્તિઓને શોભાવવી અને દાગીના ચડાવવાને મળતા છે, તેટલું જ નહિ પરંતુ અત્યારે વિવિધ જાતની રચવામાં આવતી આંગી જેને પરમાત્માની ભક્તિ માનવામાં આવે છે તેને વૈષ્ણવીય આભૂષણ અને સુશોભીત પદ્ધતિને નામે ઓળખાવવાનો ભાઇબંધ પત્રકારનો પ્રયત્ન શાસ્ત્રની દ્રષ્ટિએ ગમે તેવો હોય તેનો ખુલાસો અમારે કરવાનો નથી, પરંતુ તે પત્રકાર બંધુના તે વિચારો અને તેવો તેમનો પ્રયત્ન નવીન વિચારક બંધુઓની દૃષ્ટિએ તો જમાનાને અનુકુળ લાગતા હોઈ જુના વિચારવાળાને તે આશ્ચર્યકારક લાગે તે બનવાજોગ છે. આવા આવા નવીન અને સમયને અનુકુળ વિચારો જો કાયમ રહે, તેમજ સમાજમાં તેવા પ્રચાર, પ્રણાલિકા અને રૂઢીઓ સંબંધે જમાનાને અનુસરતા અને નવીન સુધારકોને પુષ્ટિરૂપ વિચારો તે પત્રકાર બંધુ તરફથી જો કાયમ બ્હાર આવતા રહે તો જેમ નવીન સુધારકોને તે સહાયરૂપ થઇ પડશે તેમ કંઈક અંધશ્રદ્ધામાં પણ ફેરફાર થવા પામશે એવો સંભવ છે.

આ દેવદ્રવ્યના સંબંધમાં દરેક વિદ્વાન મુનિમારાજાઓ તથા જૈન બંધુઓએ ઉહાપોહ કરી શાસ્ત્રાધારે તેઓના વિચાર બહાર મૂકી ચર્ચા કરી સત્યાસત્યનો નિર્ણય કરવાની જરૂર છે. અને જ્યાં સુધી પંડિત બહેચરદાસ પોતાના ભાષણમાં જે જે હકીકતો બોલેલા છે તેનો ખુલાસો શાસ્ત્રાધારે તેઓ બહાર મુકે નહિં ત્યાં સુધી તેણે ચર્ચેલી કોઇ પણ હકીકતને માટે કે તેમને માટે કાંઇ પણ એવું બોલવું કે લખવું નહીં જોઇએ કે જેથી સમાજ અવળે રસ્તે દોરવાય અને તેમને માટે ગમે તેવું બોલાય બંને બાજુનો નિર્ણય થયા પછી ગમે તેવી હકીકત સત્ય હકીકત જે હોય તે બહાર મુકવી એમ યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિ શ્રી કલ્યાણવિજયજી મહારાજે દેવદ્રવ્યની જરૂરીઆત અને અસ્તિત્વ સંબંધી શાસ્ત્રાધારે હકીકત બતાવી છે તેમ જૈન ચૈત્યો પૂર્વકાળમાં જંગલમાં હતાં તેમ શહેર અને ગામોમાં પણ હતા એ જેમ સિદ્ધ કરી બતાવ્યું છે તેમ પંડિત બહેચરદાસે પોતે બોલેલી હકીકતો પણ શાસ્ત્રાધારે જલ્દીથી બહાર મુકવાની જરૂર છે. વળી તે સાથે જૈન કથાઓ ૯૫ ટકા જેટલી કલ્પિત છે એમ જે પંડિત બહેચરદાસ કહે છે જે હકીકત પણ શીરીતે માની શકાય ? કારણ કે જૈન કથાઓ પણ મૂળ આગમ અને પંચાંગીમાં અનેક છે તો તે પણ ૯૫ ટકા કલ્પિત શી રીતે કહી શકાય ? તેથી તે પણ શાસ્ત્રદ્વારે, પંડિત બહેચરદાસે જલ્દીથી ખુલાસા આપવાની જરૂર છે. તેનો નિર્ણય જ્યાં સુધી પં. બહેચરદાસ શાસ્ત્રદ્વારે આપી શકશે નહિ ત્યાં સુધી આગમો સંબંધીનાં તેઓના જ્ઞાનની તેમજ પોતાના ભાષણમાં ઉપસ્થિત કરેલી ચર્ચાની અનેક શંકાઓ હજી પણ જૈન સમાજમાં ઉત્પન્ન થયા કરશે જેથી પોતે ઉપસ્થિત કરેલી ચર્ચાની જવાબદારીમાંથી પોતે ખુલાસા આપી જલ્દી મુકત થવાની જરૂર છે. એમ અમો પણ તેમને નમ્ર સુચના કરીયે છીયે.

E. A.

## મરૂ મહોદય.

(૨)

**શ્રીમાન્ મુનિમાંજશ્રી વલ્લભવિજયજી** મહારાજ શ્રી મારવાડ ભૂમિ માટે કેળવણી ફંડ કરવાને સતત્ પ્રયાસ કરે છે તેને લઇને તે કામ માટે સાદરીથી વિહાર કરી ઘાણેરાવ, દેસુરી, નાડલાઇ ગામે પધાર્યા. જ્યાં શ્રીમાન જોધપુર નરેશના એક અધિકારી સાહેબ જે કે પ્રગણામાં ફરવા નીકળ્યા હતા તેમણે ઉક્ત મહાત્માની વિદ્વતા અને કેળવણી માટેના તેમના ઉચ્ચ પ્રયાસની પ્રશંસા સાંભળી દર્શન કરવા પધાર્યા અને દર્શન કરી તે અધિકારી બોલ્યા કે જ્યારથી આપ મહાત્માના પગલાં જોધપુર સ્ટેટમાં થયા છે ત્યારથી 'તેમજ આપશ્રી ઉચ્ચ ભાવના અને કીર્તિ સાંભળી આપશ્રીના જેવા વીર પુરૂષો ઘણા ઓછા આ સંસારમાં હશે. વળી આ જડ પ્રાયઃ દેશમાં વિદ્યાદેવીને આવા વિષમ સમયમાં જે આમંત્રણ કરવામાં આપ જે પ્રયત્ન કરી રહ્યા છો જેથી અમો ધન્યવાદ આપીયે છીયે અને આનંદ પામીયે છીયે. ત્યાંથી ઉક્ત મહાત્મા સાદરી પધાર્યા જ્યાં ઉક્ત અધિકારી મહારાશ્રીના દર્શન કરવા આવ્યા અને મહારાજશ્રીને કહ્યું કે આ ગોલવડ પ્રાંતમાંથી જેટલી રકમ તમો વિદ્યાના ઉત્તેજન માટે કાઢશો તેટલી રકમ અમારા શ્રીમાન્ **જોધપુર નરેશ** વધારે આપી તમારા કામને દ્રઢ કરે તેવી અરજ કરવામાં આવશે. વળી આ કામ કેવી રીતે કરવું, કયા કયા સાધનો કયાંથી મળી શકશે તે સંબંધી વિવેચન કર્યું હતું. ત્યારબાદ સર્વ વિસર્જન થયા હતા.

(મળેલું)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## ભાવનગરમાં દુષ્કાળ ફંડ માટે થયેલું જૈનોનું ગેધરીંગ.

યુરોપમાં ચાલેલા મહાન્ યુદ્ધ અને ગત વર્ષમાં આ દેશમાં વરસાદની તંગીને લઇને ભયંકર દુષ્કાળ અત્ર ચાલતો હતો, જેમાં ઢોરો અને મનુષ્યોને ખોરાક કપડાં વગેરેની સહાયની જરૂર જણાઇ છે. દરેક શહેરમાં જાણવા પ્રમાણે યથાશક્તિ મનુષ્યોએ તેવો પ્રયાસ કર્યો છે, કેટલેક અંશે હજી શરૂ છે આ શહેરમાં અમારા નામદાર મહારાજા સાહેબ અને પ્રજાજને મળી પૈસા વગેરેની મદદ તે કાર્ય માટે આપી છે, છતાં જેના દિલમાં દયા હોય તે સર્વેએ જેમ પોતપોતાનું કર્તવ્ય બજાવ્યું છે તેમ આ શહેરમાં સમગ્ર જ્ઞાતિઓ તરફથી બે વખત અને નાગર જીમખાના તરફથી શ્રીમાન નાગર ગૃહસ્થો તરફથી બે ગેધરીંગ થયા હતા જે જોવા લાયક હતા અને તેની ઉપજ દુષ્કાળ ફંડમાં આપવામાં આવી હતી. આવી સેવા કરવાની ઇચ્છા ધરાવનારા આ શહેરમાં અમારા જૈન યુવક મંડળના નામે ઓળખાતા બંધુઓએ પણ તેવી સેવા કરવા માટે લગભગ એક માસથી ગેધરીંગની તૈયારી પોતાનો કામ ધંધો અને અભ્યાસ અમુક વખત બાજુએ મુકી કરી હતી. પરોપકાર કાર્ય માટે હામ બીડી આ અમારા જૈન યુવક બંધુઓએ અનેક ગ્રંથો, પેપર અને નાટકોમાંથી રસમય બોધક અને ગુણોની વૃદ્ધિ કરનારા પ્રયોગોની ઉત્તમ ચુંટણી કરી હતી. યોગ્યતા અને કામ કરવાની શક્તિ પ્રમાણે પાઠો આપવામાં આવ્યા તે તૈયાર થવા લાગ્યા. આવા પરોપકારી કાર્ય માટે બે ત્રણ વખત ગેધરીંગ કરેલા હતા. તેની પેદાશ પણ થઇ તે કેળવણીના ઉત્તેજનાર્થે ખરચી નાખવામાં આવી હતી તેટલુંજ નહીં પણ આ સાલની શરૂઆતમાં આ શહેરમાં ઇનફલ્યુએન્ઝાના ઉપદ્રવ વખતે પણ જાતિભોગ આપી પૈસા એકઠા કરી સમાજસેવા બહુ અચ્છી રીતે કરી હતી. તેવા કાર્યમાં પ્રવીણ બનેલા આ અમારા જૈન યુવક બંધુઓએ આ વખતે પણ આ પરોપકારનું કાર્ય હાથમાં ધર્યું અને તે પ્રયોગો પ્રજા સમક્ષ બે વખત બહાર મુકયા. પ્રયોગો એવી સરસ રીતે અને હાવભાવથી ભજવી બતાવ્યા કે જૈન અને જૈનેતર જોનાર બંધુઓ આગલા પ્રયોગો કરતાં તેના પ્લોટ–ચુંટણી અને ભજવનારની તે કાર્યની પ્રવીણતા માટે ત્યાંજ પ્રશંસા કરવા લાગ્યા તેટલુંજ નહીં પરંતુ એક દુષ્કાળમાં મદદની જરૂરીઆત વાળા ધર્મશાળાના સીન વખતે પ્રેક્ષકના હૃદયમાં દુષ્કાળપીડીત મનુષ્યો માટે દયા ઉત્પન્ન થતાં સ્ટેજ ઉપર રૂપિયાનો વરસાદ વર્ષવા લાગ્યો. આમ સંતોષકારક કાર્ય થવાનું કારણ અમારા જૈન યુવક બંધુઓનો ઉત્સાહ, જુસ્સો, કુશળતા અને આવા પરોપકારના કાર્ય પરત્વે અંતઃકરણની ઉંડી લાગણી છે આમ હોવાથી તે ખરેખર પ્રશંસાપાત્ર નિવડેલ છે. આ વખતે આવેલી ઉપજનો દુષ્કાળ અને કેળવણી ફંડ ખાતે સદુપયોગ કરવામાં આવ્યો છે. એકસંપીથી, બંધુભાવથી, અંતઃકરણની પારમાર્થિક લાગણીથી કરતા આવા કાર્યો માટે અમો જૈન યુવકના મંડળના સર્વ મેમ્બરોને ધન્યવાદ આપીયે છીયે અને આવા કાર્યો તેમને હાથે નિરંતર થાઓ, અને જૈન પ્રજા અને તેના બાળકો ઉત્તરોત્તર તેનું અનુકરણ કરી સમાજસેવા કરે અને ભવિષ્યમાં આ મંડળનો અભ્યુદય થાય તેમ પ્રાન્તે પ્રાર્થના કરીયે છીયે.

**પંન્યાસ પદારોહણ મહોત્સવ**—આચાર્ય શ્રીમાન્ વીરવિજયજી મહારાજના હાથથી આચાર્ય શ્રીમદ્ ધર્મવિજયજી મહારાજના શિષ્ય શ્રી ભક્તિવિજયજી મહારાજને અસાડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ ૫ ના રોજ શહેર કપડવંજમાં પન્યાસપદવી આપવામાં આવી હતી. શ્રીમાન્ ભક્તિવિજયજી મહારાજે સંસારમાં હતા ત્યારથી જ બ્રહ્મચર્ય ગ્રહણ કર્યું, ત્યારબાદ દીક્ષા લઇ શ્રી બનારસમાં સારો વિદ્યાભ્યાસ-સંસ્કૃત તેમજ આગમોનો કર્યો હતો. ત્યારબાદ હાલમાં ઉપરોક્ત પદ પ્રાપ્ત કરેલ હોવાથી જે યોગ્ય થયેલ હોઇ અમો અમારો આનંદ જાહેર કરીયે છીયે. જો કે જાણવા પ્રમાણે સામાન્ય ધામધુમથી ક્રિયા થયેલ હોવા છતાં પદવી આપનાર કે લેનાર મહાત્માઓએ સમયને અનુસરી આ માંગલીક પ્રસંગે દુષ્કાળ પીડીત મનુષ્ય તેમજ ઢોરોના રક્ષણ વગેરે માટે ઉપદેશ આપી આ મહોત્સવ સાથે અમુક રકમનો વ્યય કરાવ્યો હોત તો વધારે ઉચિત અને સમયાનુસાર ગણાત, આવા સમયમાં નહીં ભુલતવી રાખવા જેવા કે અણછુટકે કરવા જેવા આવા ધાર્મિક કાર્યો સાદી રીતે કરી સમયોચિત દુષ્કાળ સંકટ નિવારણ માટે જો દૃષ્ટિ રાખવામાં આવે અને યથાશક્તિ કાંઇ કરવામાં આવે તો તેજ ખરૂં કર્તવ્ય છે. અમો સમયને અનુસરતા આવા કાર્યો આવા પ્રસંગોએ યાદ લાવી કરવા સર્વેને નમ્ર સુચના કરીયે છીયે.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયને** નામે ઓળખાતી મુંબઇ શહેરની આ સંસ્થા મુંબઇમાં રહી અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થી માટે ઉપયોગી થઇ પડેલ છે, વધારે ઉપયોગી એટલા માટે થઇ પડી છે કે તેમાં રહેતા વિદ્યાર્થીઓને અપાતું ધાર્મિક જ્ઞાન એક આત્મભોગી નરરત્ન પંડીતજી વૃજલાલના પ્રયત્નથી ઉચ્ચ શૈલીથી અપાય છે; જેથી ધાર્મિક અભ્યાસ કરાવવા માટે રાખવામાં આવેલા શાસ્ત્રીજી વૃજલાલજીની ધાર્મિક શિક્ષણ આપવાની પદ્ધતિ ઉચ્ચ શૈલીની છે અને તે માટે આ સંસ્થાની ધાર્મિક શિક્ષણ પદ્ધતિ ઉક્ત શાસ્ત્રીજીને આભારી છે, હાલમાં વિદ્યાર્થીઓની ધાર્મિક પરીક્ષા બંધુ ઉમેદચંદ દોલતચંદ બરોડીયા બી. એ. પાસે લેવરાવી છે, જેનું પરિણામ બહુ સંતોષકારક જણાવ્યું છે. સમયોચિત પરિક્ષક મહાશયે દર અઠવાડીયે એકવાર ધાર્મિક વિષયોપર ઇંગ્લીશમાં ભાષણો કરાવવાની યોજના દાખલ કરવા સુચના કરી છે તે યોગ્ય હોઇ અમો વધારામાં એક અઠવાડીયે એક ઇંગ્લીશ અને બીજા અઠવાડીયે ગુજરાતીમાં ધાર્મિક, નૈતિક, ભાષણો કરાવવા જેટલો વધારો કરવાની સંસ્થાના કાર્યવાહકોને સુચના કરીયે છીયે, કારણ કે ગુજરાતીમાં ભાષણો આપવાની કરેલી શરૂઆત કેટલેક અંશે ઇંગ્લીશમાં ભાષણ આપવામાં સહાયરૂપે થઇ પડશે. આવી સંસ્થાઓમાં શાસ્ત્રીજી વૃજલાલ જેવા અનેક ધાર્મિક અભ્યાસ કરાવનાર વિદ્યાગુરૂઓની અમો જરૂરીયાત જોઇએ છીયે. છેવટે આ સંસ્થાનો અમો અભ્યુદય ઇચ્છીયે છીયે.

# ગ્રંથાવલોકન.

**શ્રી યશોવિજયજી જૈનગુરૂકુળ પાલીતાણાનો સંવત ૧૯૭૩-૭૪ની સાલનો રીપોર્ટ.**

અમોને અભિપ્રાય માટે ભેટ મળેલો છે. ઘણા વખતથી અનેક મુનિરાજો તથા જૈન બંધુઓ તરફથી આવી એક સંસ્થાની જરૂરીયાત માટે જે કહેવામાં આવતું હતું તેવી એક સંસ્થા ઉપરોક્ત નામની માત્ર એક વર્ષથી હસ્તિમાં આવી છે, તેનો રીપોર્ટ વાંચતા મળેલી હકીકત જોતાં અને જાતે ખાત્રી કરતાં તેને છાજતો કાર્યક્રમ, જૈન બાળકોની એક સારી સંખ્યાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃદ્ધિ, તેમનો અભ્યાસક્રમ, ઉંચા પ્રકારના અંગ કસરતના સાધનો, ધાર્મિક શિક્ષણ પદ્ધતિ વગેરે માટે જે વ્યવસ્થા અને સુધારણા કરી છે તેને માટે તેના વ્યવસ્થાપકોને ધન્યવાદ ઘટે છે. મુખ્ય વ્યવસ્થાપકો મુંબઇના વતની છતાં વખતો વખત પાલીતાણા આવી ઘણા દિવસો રહી વ્યવસ્થાની તપાસ તથા સુધારો વધારો કરવાની ખંત અને સાથે ભાવનગરની કમીટીની પણ વખતોવખતની તપાસ દેખરેખ અને કાળજીનું આ સુંદર પરિણામ છે. આ સંસ્થાની શરૂઆતમાં માત્ર ૨૯ વિ-દ્યાર્થીથી શરૂઆત કરી હાલમાં લગભગ ૯૦ ની સંખ્યાએ જવાની અણીપર છે. હજી તેના કાર્ય-વાહકોને નાણાની જોગવાઇ વધારે થયેથી એકંદર અસેંહ સુધી વિદ્યાર્થી વધારવા ઇચ્છા છે, તેમજ તે સાથે વિદ્યાર્થીઓને ગામમાં દરબારી સ્કુલમાં શિક્ષણ લેવા જવું પડતું હોવાથી કેટલીક અગવડ તથા આવવા જવાનો ટાઇમ ઘણો જતો હોવાથી ધાર્મિક અભ્યાસ બહુ ઓછા પ્રમાણમાં લઇ શકાતો હોવાથી, પાલીતાણા સ્ટેટની મંજુરીથી ગુરૂકુળના મકાનમાંજ સ્કુલ કરવાની સાથે ધાર્મિક અને ઔદ્યોગીક શિક્ષણ દાખલ કરી એક ઉંચી સંસ્થા બનાવવાની વ્યવસ્થાપકોની તૈયારી છે. આ સંસ્થાના ઉક્ત રીપોર્ટમાં ગુરૂકુળના ધારા ધોરણો વાંચતા દાખલ થનાર દરેક વિદ્યાર્થીને બ્રહ્મચર્ય ફરજીયાત પાળવું પડે છે, તે સાથે નિરંતર જુદા જુદા બે વિદ્યાર્થીઓને આયંબીલ તપ કરાવવાનો ધારો હોવાથી ધાર્મિક સંસ્કાર પડવા સાથે ભવિષ્યમાં આદર્શ ગૃહસ્થો ( જૈનો ) બનાવવાનો કાર્ય વાહકોને જે હેતુ છે તે આ બ્રહ્મચર્ય અને તપના પ્રભાવે બનવા જોગ છે. દરેક વિદ્યાર્થીને ખોરાક પણ સાત્વિક આપવામાં આવતો હોવાથી તેમજ ચા જેવા વ્યસનનો બીલકુલ ત્યાગ હોવાથી અને આરોગ્યતાના નીયમો સચવાતા હોવાથી વિદ્યાર્થીઓની તન્દુરસ્તી પણ સારી રહે તે સ્વાભાવિક છે, છતાં દરરોજ શારીરિક તપાસ માટે વૈદ્યની ગોઠવણ કરવામાં આવેલ છે અને એક ઔષધાલય સાથે રાખવામાં આવેલ હોવાથી જરૂરી વખતે ઉપચારો પણ કરી શકાય છે. ધારામાં જણાવ્યા પ્રમાણે દરેક વિદ્યાર્થીને દરરોજ પરમાત્માની પૂજા કરવાની હોવાથી એક ઘરદેરાસરની ગોઠવણ પણ કરવામાં આવી છે. એકંદર રીતે આ સંસ્થાનું કાર્ય ધારા ધોરણો વગેરે વાંચતા અને વ્યવસ્થા જોતાં પ્રાચીન ગુરૂકુળની સ્મૃતિ કરાવનાર હોઇ તે આ સંસ્થા ભવિષ્યમાં નમુનેદાર બનશે એવો અમારો અભિપ્રાય છે. તેનો રીપોર્ટ વાંચવાની અને જાતે તપાસ કરવાની અમો દરેક જૈન બંધુએને ભલામણ કરીએ છીયે. તે સાથે પરમપવિત્ર તીર્થ શ્રી શત્રુંજયની અપૂર્વ યાત્રાના લાભ લેવા સાથે આ એક આપણી જૈનકોમની આવશ્યકતાવાળી અને ઉન્નતિ કરનારી ઉપયોગી (શ્રી યશોવિજયજી જૈનગુરૂકુળ નામની) સંસ્થાને દરેક પ્રકારની મદદ આપી આવા પવિત્ર તીર્થમાં સ્વામીવાત્સલ્ય વિદ્યાદાન વગેરેથી થતું પુણ્ય ઉપાર્જન કરવા ભલામણ કરીએ છીયે. આ સંસ્થામાં દાખલ થતા વિદ્યાર્થી બ્રહ્મચર્ય પાળી બંને પ્રકારના શિક્ષણ મેળવી ઉંચામાં ઉંચી શારીરિક તથા આત્મિક ઉન્નતિ ભવિષ્યમાં પ્રાપ્ત કરશે તેવી તેની વ્યવસ્થા ધારા ધોરણ અને કાર્યક્રમ છે, જેથી દરેક રીતે તેની ઉન્નતિમાં દરેક મુનિ મહારાજાઓ અને જૈન બંધુઓએ બનતી દરેક પ્રકારની સહાય આપી અગાવી ભાગ લેવાની જરૂર છે આ સંસ્થાની કમીટીના ઉત્સાહી કાર્યવાહકો શેઠ જીવણચંદ ધરમચંદ ઝવેરી, શેઠ ફકીરચંદ કેશરીચંદ ભાણાભાઇ, શેઠ લલ્લુભાઈ કરમચંદ દલાલ, ઝવેરી હીરાલાલ સ્વરૂપચંદ અને ભાવનગરની કમીટીના સભ્યોના ચાલુ શ્રમ, કાળજી, ખંત અને લાગણી માટે તેઓને ધન્યવાદ આપીયે છીએ અને આ જૈન ગુરૂકુળનો નિરંતર અભ્યુદય ઇચ્છીએ છીયે.

For Private And Personal Use Only

## પ્રાકૃત સુકૃત રત્નમાળા.

ઉપરનો ગ્રંથ અમોને અભિપ્રાય માટે ભેટ મળેલો છે. આ ગ્રંથના મૂળ શ્લોક પ્રાકૃતમાં છે. જે પ્રાચીન મહાત્માની કૃતિનો સંગ્રહ છે, જેના ઉપર સંસ્કૃત છાયા અને ઇંગ્લીશ ભાષાંતર શ્રીમાન્ બાબુ સાહેબ પૂરણચંદજી ન્હાર એમ. એ. બી. એલ. અજીમગંજ નિવાસીએ કરેલ છે. તેમાં જુદા જુદા વિષયનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ગ્રંથ એકલા જૈનોને નહી પરંતુ સર્વ ઉપયોગનો છે અને દરેક વિષય ખાસ બોધ લેવા લાયક છે. ઇંગ્લીશ ભાષાંતર ઉકત શ્રીમાન્ બાબુ સાહેબે બહુજ સરસ રીતે કર્યું છે. સાથે હિંદી કે ગુજરાતી ભાષાંતર આપ્યું હોત તો આ કરતાં ઘણા વધારે મનુષ્યો લાભ લઇ શકત, તોપણ એકંદર રીતે બહુજ સુંદર સંગ્રહ એકઠો કરવામાં આવ્યો છે. જે વાંચી અમો ખુશી થએલે છીએ. આ ગ્રંથ "જૈન વિવિધ સાહિત્યશાસ્ત્રમાળાના ૧૨ મા પુસ્તક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. ઇંગ્લીશ અભ્યાસીઓને ખાસ ઉપયોગી છે. કીંમત ૦–૮–૦

## "जैनधर्मपर एक महाशयकी कृपा."

यह पुस्तक एक धुरंधर विद्वान और अनुभवी लेखक की लेखनी का फल है । पण्डित हंसराजजी जैसे आर्य शास्त्रों के वेत्ता हैं वैसेही जैनग्रंथों के हैं । आपकी लेखनी से जो पुस्तक निकालती है वह बडे महत्त्व की होती है और उसे सभी विद्वान आदर की दृष्टि से देखते हैं ।

प्रस्तुत पुस्तक का विषय है उन आक्षेपों का उत्तर देना जो एक मन-चले आर्यसमाजीने जैनधर्मपर किये हैं । पंडितजी के उत्तर बडे विचारगर्भित और पण्डित्यद्योतक हैं । इन आक्षेपों के उत्तर पहिले कई जैन पत्रों में भी प्रकाशित हो चुके हैं । हमारी सम्मति में ऐसे निकृष्ट आक्षेपों का उत्तर देना आक्षेप करने वाले की पुस्तक का प्रचार कराना है । यदि पण्डितजी अपने अमूल्यसमयको किसी अन्यकार्य में लगाते तो अच्छा होता । मृतशृगाल का पुनर्हनन करना समयको व्यर्थ खोना है। भारतवर्षमें कोई जाति एसी नहीं है जो यह नहीं जानती हो कि जैनधर्मावलिम्बियों का मूलाधार सिद्धांत " अहिंसा परमोधर्मः " है और इस सिद्धान्त को जिस प्रकार जैनोंने कार्य परिणित किया है वैसा अन्य किसी जन समुदायने नहीं यह कहना कि " मांसाहार के प्रचारक जैन थे " आंखों में धूल डालना है । आर्य समा-जियों के सिवा भारतवर्षमें इस बात को कोइ नहीं मान सकता । आक्षेप करनेवाले की चेष्टा सर्वथा व्यर्थ है। जो मनुष्य पुन्य धर्म की निंदाकर अपने

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मत की डींग मारता है वह न अपनेही मतकी उत्कृष्टता प्रमाणित कर सकता है और न अन्य धर्म के महत्त्व को ही घटा सकता है। ऐसे मनुष्य दुष्ट भावों को उत्पन्न कर आपसमें वैमनस्य और कलह कराते हैं। अस्तु.

इस मामलेमें हमारे कुछही विचार हों, हम यह कहे विना नहीं रह सकते कि जो पुस्तक पंडितजीने लिखी है वह प्रमाण और तर्ककी दृष्टिसे बडे मार्के की है। विचरे जल्पी आर्यसमाजी को पण्डितजीने अपने प्रचण्ड तर्कबल से निग्रहस्थान में ढकेल दिया है।

जिन लोगोंने जैनधर्म के विरुद्ध आर्यसमाजी पुस्तक पढीहै उन्हें पंडितजी की पुस्तक अवश्य पढनी चाहिये। यह पुस्तक श्री आत्मानन्द जैन-सभा, अम्बाला-पंजाब. ने प्रकाशित की है। और वहीं से मिल सकती है।

कन्नोमल, एम. ए.

## મુનિશ્રી સોમવિજયજીનો સ્વર્ગવાસ.

પાલીતાણા (સિદ્ધગિરિ) માં પરમ પૂજ્ય પરમોપકારી શ્રીમાન હંસવિજયજી મહારાજના શિષ્ય પન્યાસજી શ્રી સંપત્તવિજયજી મહારાજના શિષ્ય વયોવૃદ્ધ મુનિશ્રી સોમવિજયજીએ એકસઠ વરસની ઉમરે એકસઠ યાત્રા અગીયારસે પુરી કરી શ્વાસની વ્યાધીથી સમાધી પૂર્વક અશાડ શુદિ એકમ શનિવારની રાત્રે સાડા-દશના સુમારે કાળકર્યો છે. અંતઃ અવસ્થા સુધી શ્રદ્ધા બહુ સારી હતી. કાળકર્યા અગાઉ શ્રીપ્રવર્તકજી કાંતિવિજયજી મહારાજની આદિસર્વે સાધુઓને ખમાવ્યા હતા. ઉક્ત મુનિશ્રી સંસારીપણામાં અમદાવાદના અને પોરવાડ જ્ઞાતિના હતા. સંવત ૧૯૫૬ ની સાલમાં ખાનદેશનું મુખ્ય શહેર ધુળીયામાં શ્રીમદ હંસવિજયજી મહારાજની પાસે પંન્યાસજી સંપતવિજયજી મહારાજના નામથી દીક્ષા લીધી હતી. તેઓએ ગુરૂભક્તિ કરવા ઉપરાંત પ્રકરણ ગ્રંથ તથા થોકડા આદિનો સારો અભ્યાસ કર્યો હતો. શ્રી હંસવિજયજી મહારાજ શ્રીનીસાથે ખાનદેશ, વરાડ, દક્ષિણ, માળવા, મારવાડ, કચ્છ વિગેરે દૂર પ્રદેશોમાં વિહાર કર્યો હતો. ઓગણીસ વર્ષનો દિક્ષાપર્યાય પાળી પરમ પવિત્ર સિદ્ધિગિરિ તીર્થમાં સ્વર્ગવાસ કર્યો છે. આવા વયોવૃદ્ધ મુનિશ્રીના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ન્યાંયાભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સૂરિ. ( શ્રી આત્મારામજી મહારાજના પરિવાર મંડળના મુનિરાજોના ચાતુર્માસ. )

—શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરિ, પંન્યાસજી મહારાજ શ્રી દાનવિજયજી મહારાજ તથા વ્યાખ્યાન વાચસ્પતિ શ્રી લબ્ધિવિજયજી મહારાજ વગેરે. **ડભોઈ.**

પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ, શ્રીમાન્ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ, પંન્યાસજી મહારાજ શ્રી સંપતવિજયજી મહારાજ વગેરે. **પાલીતાણા.**

—પ્રવર્ત્તકજી મહારાજશ્રીના શિષ્ય શ્રીમાન્ ચતુરવિજયજી મહારાજ વગેરે. **દશાપુરા.** ( ગુજરાત. )

—શ્રીમાન્ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ, મુનિરાજ શ્રી ગુણવિજયજી મુનિ શ્રી વિચારવિજયજી મુનિ૦ શ્રી સમુદ્રવિજયજી મુનિ૦ શ્રી પ્રભાવવિજયજી. **સાદરી** ( મારવાડ )

—પં. સોહનવિજયજી, મુનિશ્રી લલિતવિજયજી, મુનિશ્રી ઉમંગવિજયજી, મુનિશ્રી વિદ્યાવિજયજી **બાલી** મારવાડ ( સ્ટેસન ફાલના ) છે.

—શ્રી સુમતિસ્વામીજી–વિબુધવિજય–વિચક્ષણવિજય ત્રણનું ચોમાસું **લુધીઆના** ( પંજાબ ) માં છે.

—શ્રી મોતિવિજયજી ઉત્તમવિજયજી ઉદયવિજયજી રવિવિજયજી ચાર જણાનું ચોમાસું **વડાવલી** શેત્રુંજની પાસે છે.

—શ્રીમાનવિજયજી વિવેકવિજયજી તપસ્વી અને મુનિશ્રી સંતોષવિજય ત્રણનું ચોમાસું **કોઠા** પોષ્ટ ચાંદખેડા જીલ્લે અમદાવાદમાં છે.

—શ્રી કીર્ત્તિવિજયજી અને વિજ્ઞાનવિજયજી બે જણાનું ચોમાસું **વડનગર**–ગુજરાતમાં છે.

—શ્રી કસ્તુરવિજયજી ન્હાના કીર્ત્તિવિજયજી બે જણાનું **જામનગરમાં છે.**

—શ્રી વિનયવિજયજી ચંદ્રવિ૦ ચકોરવિ૦ ચંપકવિ૦ ચાર જણાનું ચોમાસું **ખેડામાં છે.**

—તિલકવિજય આદિ **પનાર** સ્ટેસન અમલસાડ જીલ્લે સુરતમાં છે.

—મિત્રવિજય આદિ **સીનોર**માં છે.

—મુનિ લબ્ધિવિજયજી રત્નવિજયજી **સુરત** સગરામપુરામાં છે.

સિવાય જે જે મુનિરાજોના જ્યાં જ્યાં ચાતુર્માસ હોય તે સ્થળનું નામ મુનિરાજોના નામ સાથે અમોને લખી જણાવવા વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રીમાન્ મુનિરાજ શ્રી હીરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

લુધીઆનામાં **મુનિમહારાજ શ્રી હીરવિજયજીનો** અષાઢ સુદિ ૧૨ બુધવારે તા. ૯-૯-૧૯ સવારના સવાનવ વાગ્યાના સુમારે સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો છે. એમની ઉમર લગભગ પોણોસોથી વધારે હતી. શ્રી સ્વર્ગવાસી ગુરૂમહારાજ શ્રીમદ્વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજની સાથેજ ઢુંઢીયા મતનો ૧૯૩૨ માં ત્યાગ કર્યો હતો-ઢુંઢીયા મતમાં એવણની દીક્ષા ૧૯૨૪ માં થઇ હતી એટલે આઠ વર્ષ ઢુંઢીયા અવસ્થામાં રહ્યા હતા. બાકીની આજસુધીની મુદત સંવેગીપણામાં ગુજારી એટલે ૪૪ વર્ષ લગભગ સંવેગી દીક્ષા પાળી પોતે જાતના ઓસવાળ વીસા હતા. રાવળપીંડી ( પંજાબ ) ના મૂળવતની હતા. સ્વભાવે શાંત અને આત્માર્થી હતા શ્રી મહારાજજી સાહેબની સાથેજ રહેતા હતા. તેઓ સાહેબના સ્વર્ગવાસ પછી પંજાબમાં મુનિરાજ શ્રી વલ્લભવિજયજી સાથેજ રહ્યા હતા. સુમતિસ્વામીજી એઓની સાથેજ રહેતા અને ભક્તિ સારી રીતે કરતા ગઇ સાલમાં એઓની તબીયત જરા વધારે શીથીલ થઇ જવાથી મુનિરાજશ્રી વિબુધવિજય, વિચક્ષણવિજય બે સાધુઓને એમની સેવા માટે પંજાબમાં મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે મોકલ્યા હતા, બંને સાધુઓ આજ્ઞાને માન આપી સખત ગરમીમાં પંજાબમાં પહોચ્યા હતા. અંબાલા પહોચ્યા તે વખતે તેઓમાંથી મુનિ વિચક્ષણવિજયજીના શરીરમાં કાંઇક તકલીફ થઇ જવાથી ચોમાસુ તેઓ સાહેબની આજ્ઞાનુસાર અંબાલામાં કર્યું હતું. ત્યાં પણ વૃદ્ધમહાત્મા શ્રી ચંદનવિજયજી કે જેનું અવસાન હાલમાંજ થોડા સમય ઉપર લુધીઆનામાંજ થયું હતું, તેમની સેવા યથા શક્તિ બંને જણા કરતા રહ્યા, ચોમાસા બાદ લુધીઆને પહોંચ્યા આજસુધી અવિચ્છિન્નપણે બનતી ભક્તિ સુમતિસ્વામીજીએ તેમજ આ બંને સાધુઓએ બહુ સારી રીતે કરી હતી. આવા પૂજ્ય મહાત્માના સ્વર્ગવાસથી જૈન સમાજને એક મુનિરત્નની ખોટ પડી છે. તેઓશ્રીના પવિત્ર આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

## સંસ્થાન ભાવનગરના નેકનામદાર મહારાજા સાહેબ ભાવસિંહજી કે. સી. એસ. આઇ. બહાદુરનો સ્વર્ગવાસ.

તા. ૧૬-૭-૧૯૧૯ ના રોજ માત્ર વીશ દિવસની બીમારી ભોગવી અમારા કૃપાળુ નામદાર મહારાજા સાહેબ સ્વર્ગવાસ પામ્યા છે. કાઠીયાવાડના દેશી રાજ્યોમાં પહેલા નંબરે સુખી, વેપારવૃદ્ધિ અને આબાદીવાળી આ સ્ટેટની પ્રજા એટલા માટે હતી, કે જેમ ભૂતપૂર્વ મહારાજાઓ રાજ્યની આબાદી, પ્રજાનાં સુખસાધનો અને વેપારવૃદ્ધિ માટે કોઇ પણ પ્રકારના કરો નહીં લેવાનું ધોરણ વગેરે માટેની જે શુભ ઇચ્છા ધરાવતા હતા તેઓશ્રીના પગલે ચાલી સ્વર્ગવાસી નામદાર મહારાજાએ તે ધોરણ સ્વીકાર્યા બાદ પ્રજાકીય મંડળ, પ્રજાકીય મ્યુનિસિપાલીટી દારૂ નિષેધક ધારો બનાવી તેમાં વિશેષ વધારો કરી કાઠીયાવાડના રાજ્યોમાં પ્રથમ દરજ્જે પહેલ કરી વિશાળતા, ઉદારતા અને પ્રજાપ્રેમ બતાવ્યો છે. જેથી સાધારણ રીતે એક કૃપાળુ પ્રજાવચ્છલ રાજ્યપિતાની નહીં સહન થઇ શકે તેવી ખોટ પડી છે. જેને માટે તમામ પ્રજા અત્યંત દિલગીર થઇ છે. અમારા કૃપાળુ નામદાર મહારાજાના સ્વર્ગવાસથી અમો પણ અમારી અત્યંત દિલગીરી જાહેર કરીએ છીએ અને તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

( પ્રસિદ્ધ કરવા માટે—જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે ).

૧. **શ્રી દાનપ્રદીપ** ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. **શ્રી મહાવીરચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિકૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલછે . પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત્ર ).

૫. **શ્રી ધર્મપરિક્ષા** ( અપૂર્વ કથાનક ગ્રંથ ).

૬. **શ્રી સંબોધ સપ્તતિ**—શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ નહિ પરંતુ વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. દરેક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર તૈયાર થાય છે. દ્રવ્ય સહાયની અપેક્ષા ( જરૂર ) છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્ત્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી—કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

---

## શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવલી.

પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થની યાત્રા અને ભક્તિ કરવાના એક સાધન નિમિતે અમોએ આ બુક પ્રસિદ્ધ કરી છે. જેમાં પ્રચલીત અને નવીન અનેક ચૈત્યવંદન, સ્તુતિ, નામ વર્ણન, સ્તવનો વગેરેનો સંગ્રહ કરવામાં આવેલો છે. સાથે નવાણુ પ્રકારી પૂજા એ શ્રીમદ્ વીરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત દાખલ કરવામાં આવેલ છે. પોકેટમાં રહી શકે માટે કદ લઘુ કરવામાં આવેલ છે, સાથે યાત્રાના પર્વ દિવસોનું વર્ણન પણ આપવામાં આવેલ છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં શુદ્ધ રીતે છપાવવામાં આવેલ છે. ટાઇટલ (પુંઠુ) પણ રંગ બે રંગી સુંદર બનાવવામાં આવેલ છે. પરમ પવિત્ર આ તીર્થની યાત્રા અને ભક્તિ કરનારા બંધુઓ માટે એક ઉત્તમ સાધન અને યોજના કરવામાં આવેલ છે. મુદ્દલથી પણ કિંમત ઓછી રાખવામાં આવેલ છે. કિં૦ ચાર આના પો૦ જુદું. અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાજસેવાના પ્રસંગો.

"દરેક માણસને પોતાના ભાઇ બ્હેનોની કાંઇને કાંઇ સેવા કરવાના પ્રસંગ પ્રાપ્ત થાય છે. આવા પ્રસંગ પ્રાપ્ત કરવાને પણ તેણે પ્રયાસ કરવો જોઈએ, અને પ્રાપ્ત થતાં, પોતાની બુદ્ધિ, પોતાના શરીર અને દ્રવ્યનો તે પારકા માટે વ્યય કરે તથા તેથી અન્યને કાંઈ લાભ મળે તો તેટલું પણ ઠીક છે. તમારા સંસર્ગમાં આવતા મનુષ્યને, જગત્‌ને વધારે સુખી બનાવવાની ઉદાર વૃત્તિ, ઉદાર આવેશ લાવવાની જરૂર છે. આ જગત્‌માં હજારો દીન મનુષ્ય, જખમી થયેલાં, નિરાધાર, તમારી સહાયતાની રાહ જોતાં, ઠંડા જળના એક છાંટાની આશા રાખતાં અને એક થોડી પણ સુખ સગવડની માગણી કરતાં પડયાં છે. મદદ મળે અગર ન મળે છતાં કેટલાક તો પોતાનાં દુઃખમાં પોતાના ભાઇબ્હેનનો સમાગમ માત્ર, સ્પર્શ માત્ર ઈચ્છતાં પડ્યાં છે. જીવનમાં કરૂણા જનક બાબતો ઘણી માલમ પડે છે. પોતાની આસપાસ દુઃખી જન છતાં જે અધમ મનુષ્ય પોતાના એશઆરામ અને આનંદનીજ માત્ર દરકાર રાખે છે તેના જેવા થવું યોગ્ય નથી. ગેટે કહે છે કે "સુન્દરતા પરોપકાર અને આખા વિશ્વના સમાગમમાં રહેવું" તમારી પોતાની જાત જેટલા એક કંગાળ, ચીંથરેહાલ, ક્ષુદ્ર ભાગમાં વસવું ઉચિત નથી. તમારા ધંધામાં અગર ધંધા બહાર, તમારા જ્ઞાનનો, તમારી બુદ્ધિનો લાભ બીજાઓને આપો. જે કાંઈ મનોહર, જે કાંઇ પવિત્ર, જે કાંઇ .સારૂં કહેવાતું હોય તેને માટે મજબૂત લાગણી રાખો. અજ્ઞાનને જ્ઞાન આપવું, સર્વ માટે ઉન્નતિના માર્ગ ખુલ્લા કરવા, દુઃખીના નિસાસા દૂર કરવા, તેમનાં આંસુ લહોવા, વર્સત્ર પ્રસન્નતાનો પ્રચાર કરવો.

કાંઇ પણ કરવાની વૃત્તિ અને વલણમાં અભિવૃદ્ધિ કરવી એ મહત્વની બાબત છે. જ્યારે જ્યારે બની આવે ત્યારે કોઇ પણ માણસને ઉન્નતિના માર્ગ પર લાવવું, સંસર્ગમાં આવતા દરેક મનુષ્યની સુધારણા કરવી, જ્યાં જ્યાં આપણે જઇએ ત્યાં ત્યાં પ્રકાશ, આનંદ, આશા, શુભેચ્છાનો પ્રચાર કરવો, ફૂલ વેરવા. આથી અન્યને પ્રકાશ અને આનંદ મળે છે એટલુંજ નહિ પણ આપણાં સુખનાં દ્વાર ખુલ્લાં થાય છે. અન્ય પ્રત્યેની આવી શાંત સેવા જગત્‌નું ધ્યાન ખેંચ્યા વગર કરી શકાય એટલે વિસ્તારવાળી અને વધારે જાહેર સ્વરૂપની સેવા સાથે જે કેટલીક મુંઝવણો જોડાયલી હોય છે તે નડે નહિ. સેવાની આ વૃત્તિનો અમલ જેમ વધારે થતો જાય તેમ જીવન પણ વધારે રસભર્યું થઈ પડે છે.

"સામાજીક સેવાના સન્માર્ગ" માંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only